


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT
# ગરવી ગુજરાત
ગરવી ગુજરાત
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 113
Dt.: 02-01-2026,
Friday
Page : 04
Rs.00.50 paisa


### ખોકન ચંદ્રે તળાવમાં કૂદીને બચાવ્યો જીવ

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ યુવકને જીવતો સળગાવવાનો પ્રયાસ કરાયો

## શરિયતપુર વિસ્તારમાં ખોકન ચંદ્ર નામના એક હિન્દુ વ્યક્તિને ટોળાએ ઘેરી લીધો અને છરી મારી ત્યારબાદ પેટ્રોલ છાંટીને સળગાવી દેવાનો પ્રયાસ

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં હિન્દુઓ વિરુદ્ધ હિંસા ઓછી થવાનું નામ નથી લઈ રહી. ફરી એકવાર નફરતે જીવ લેવાનો પ્રયાસ કર્યો. શરિયતપુર વિસ્તારમાં ખોકન ચંદ્ર નામના એક હિન્દુ વ્યક્તિને ટોળાએ ઘેરી લીધો હતો. તેને પહેલા ક્રૂર રીતે માર મારવામાં આવ્યો, પછી છરી મારી અને ત્યારબાદ પેટ્રોલ છાંટીને જીવતો સળગાવી દેવાનો પ્રયાસ થયો.

છેલ્લી ઘડીએ ખોકન ચંદ્રે નજીકના તળાવમાં કૂદીને પોતાનો જીવ બચાવ્યો. પરંતુ આ હુમલો ફરી એકવાર બતાવે છે કે, બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર થતો અત્યાચાર કઈ હદ સુધી પહોંચી ચૂક્યો છે.

મળતી માહિતી અનુસાર, આ ઘટના બુધવારે મોડી સાંજે બની હતી. ખોકન ચંદ્ર ઘરે પરત ફરી રહ્યો હતો ત્યારે અચાનક લોકોના એક ટોળાએ તેને ઘેરી લીધો. ત્યારબાદ ટોળાએ તેને લાતો અને મુક્કા માર્યા. તે કોઈક રીતે ભાગી જવામાં સફળ રહ્યો, પરંતુ હુમલાખોરો ત્યાં અટક્યા નહીં. ટોળાએ પેટ્રોલ છાંટીને તેને જીવતો સળગાવવાનો પ્રયાસ કર્યો. ત્યારબાદ તે જીવ બચાવવા માટે નજીકના તળાવમાં કૂદી ગયો.

આ અગાઉ બાંગ્લાદેશમાં ૧૮ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ દીપુ ચંદ્ર દાસની ટોળાએ હત્યા કરી હતી. ત્યારબાદ તેના મૃતદેહને વૃક્ષ સાથે બાંધીને સળગાવી દેવાયો હતો. તેના પર ઈશનિંદાનો આરોપ લગાવાયો હતો. ત્યારબાદ ૨૫ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ટોળાએ અમૃત મંડલની ઢોર માર મારીને હત્યા કરી હતી. ત્યારબાદ ૨૯ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બજેન્દ્ર બિસ્વાસ નામના યુવકની તેમના જ સાથી દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલા રોકાવાનું નામ નથી લેતા.

યુનુસ આંખ-કાન બંધ કરીને બેસી ગયા છે અને તેમના રાજમાં ઉગ્રવાદીઓએ ચોથા હિન્દુને દર્દનાક મોત આપવાની કોશિશ કરી છે. કાલે જ ખાલિદા ઝિયાને સુપુર્દ-એ-ખાક કર્યા અને દેશમાં વિદેશ મંત્રી જયશંકર સહિત દુનિયાભરના કેટલાય મોટા પ્રતિનિધિઓ એકઠા થયા હતા, પણ ઉગ્રવાદીઓને તેનાથી કોઈ ફરક પડતો નથી. આ વખતે ઉગ્રવાદીઓએ એક હિન્દુ બિઝનેસમેનના શરીર પર પેટ્રોલ છાંટી જીવતો સળગાવવાની કોશિશ કરી. જણાવી દઈએ કે, બાંગ્લાદેશમાં મોહમ્મદ યુસુના નેતૃત્વ વાળી વચગાળાની સરકારના કાર્યકાળમાં હિન્દુઓ સહિત લઘુમતીઓ પર હિંસાની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે, જેને લઈને વિશ્વભરમાં ચિંતા અને માનવાધિખાર સંગઠનોમાં આક્રોશ છે. ગત અઠવાડિયે ભારતે બાંગ્લાદેશમાં લઘુમતીઓ પર સતત થઈ રહેલી હિંસાને લઈને ચિંતા વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે તેઓ પોતાના પાડોશમાં બની રહેલી ઘટનાઓ પર નજર રાખી રહ્યું છે. પોલીસના જણાવ્યા અનુસાર, ખોકન ચંદ્ર દાસ કેઉરભંગા બજારમાં દવા અને મોબાઈલ બેંકિંગની દુકાન ચલાવે છે. દુકાન બંધ કરી તે દિવસની કમાણી લઈને સીએનજી ઓટોથી ઘરે પરત ફરી રહ્યો હતો. ત્યારે ડામુડ્યા શરીયતપુર વિસ્તારમાં ઉગ્રવાદીઓએ ઓટો રોકી તેના પર હુમલો કરી દીધો. પોલીસ આ મામલે તપાસ કરી રહી છે અને હુમલાખોરોને શોધી રહી છે.

---

### ઓપરેશન સિંદૂર ચાલું જ છે : સેના પ્રમુખ જનરલ

## નવા વર્ષે સેના પ્રમુખ જનરલ દ્વિવેદીએ પાકિસ્તાનને યાદ અપાવ્યો જૂનો મિજાજ

### નવા વર્ષના અવસરે ભારતીય સેનાએ દેશવાસીઓને શુભેચ્છાઓ પાઠવી, સાથે પાકિસ્તાનને સખત સંદેશ આપ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગયા વર્ષે પાકિસ્તાને કાશ્મીરના પહલગામમાં કાયરતાપૂર્ણ આતંકી હુમલો કર્યો હતો, જેમાં અનેક નિર્દોષ લોકોના જીવ ગયા હતા. આ હુમલા બાદ ભારતે ઓપરેશન સિંદૂર લોન્ચ કરીને પાકિસ્તાનમાં ઘૂસીને આતંકી ઠેકાણાઓનો નાશ કર્યો હતો, જેમાં ૧૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હતા. હવે જ્યારે નવા વર્ષની શરૂઆત થઈ ચૂકી છે, ત્યારે ભારતીય સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ પાકિસ્તાનને ફરી પોતાનો જૂનો મિજાજ બતાવ્યો છે. સેના પ્રમુખ **(COAS)** જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ ગુરુવારે દેશવાસીઓને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. ઓપરેશન સિંદૂર હેઠળ ભારતની ત્વરિત કાર્યવાહીની પ્રશંસા કરતા તેમણે કહ્યું કે આ ઓપરેશન આજે પણ ચાલું છે.



ભારતીય સેનાના જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ એક પોસ્ટમાં ઉલ્લેખ કર્યો કે સેના પરિવર્તનના એક દાયકામાંથી પસાર થઈ રહી છે. તેમણે સંયુક્તતા, આત્મનિર્ભરતા અને ઈનોવેશનને ભારતની સંરક્ષણ વ્યૂહરચનાના સ્તંભ ગણાવ્યા હતા. દ્વિવેદીએ સેનાને ભવિષ્ય માટે તૈયાર કરવા માટે સ્વદેશી ટેકનોલોજી અને નવા વિચારો અપનાવવા પર ભાર મૂક્યો હતો. સેના પ્રમુખે જણાવ્યું હતું કે, "વર્ષ ૨૦૨૬ના શુભ અવસરે, ભારતીય સેના વતી હું તમામ દેશવાસીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. આ નવું વર્ષ તમારા અને તમારા પરિવાર માટે સુખ, ઉત્તમ સ્વાસ્થ્ય અને સમૃદ્ધિ લાવે તેવી કામના. ભારતીય સેના સંપૂર્ણ સતર્કતા અને દ્રઢ સંકલ્પ સાથે રાષ્ટ્રની સુરક્ષા સુનિશ્ચિત કરી રહી છે."

---

### યુએસમાં જમણેરી પાંખ દ્વારા અનેક વખત કાસીમનો વિરોધ કરાયો

## ન્યૂયોર્કના મેયરે અલકાયદા સમર્થકને લીગલ એડવાઈઝર બનાવતાં વિવાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)ન્યૂયોર્ક

ન્યૂયોર્કના મેયરપદે ચૂંટાયા પછી ઝોહરાન મમદાની પોતાની ટીમ ઊભી કરી રહ્યા છે. ચીફ કાઉન્સેલના પ્રભાવશાળી પદ પર મમદાનીએ અલકાયદાના આતંકવાદીનો બચાવ કરનારા વકીલની નિમણૂક કરતાં રૂઢિચુસ્ત લોબીએ વિરોધ નોંધાવ્યો છે. સિવિલ રાઈટ્સ લોયર અને સિટી યુનિવર્સટી ઓફ ન્યૂયોર્ક ખાતે લૉ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા રમઝી કાસીમ હવે મેયરના ટોચના લીગલ એડવાઈઝર બન્યા છે. મમદાનીએ તેમને લીગલ સીસ્ટમ દ્વારા સતાવાયેલા લોકોના રક્ષક તરીકે ઓળખાવ્યા છે. એક્સ પોસ્ટ પર મમદાનીએ, રમઝી કાસીમની વરણીને નવા યુગની શરૂઆત ગણાવતા કહ્યું હતું કે, ICE દ્વારા અટકાયત કરાયેલા ઈમિગ્રન્ટ્સ અને વિદ્યાર્થીઓના બચાવ માટે તેમણે લીગલ ક્લિનિક ઊભી કરી છ અને આ દિશામાં તેમનું યોગદાન સરાહનીય છે. સિરિયામાં જન્મેલા કાસીમ ન્યૂયોર્કના અગ્રણી શિક્ષણવિદ તરીકે ઓળખાય છે અને બાઈડેન સરકારમાં પણ તેઓ ઈમિગ્રેશન એડવાઈઝર તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. અગાઉ કાસીમે અલ કાયદાના સ્થાપક ઓસામા બિન લાદેનના ખાસ સાગરિત અહેમદ અલ ડારબી જેવા વિવાદાસ્પદ લોકોનો બચાવ કરી ચૂક્યા છે. યમનના દરિયામાં ફ્રેન્ચ ઓઈલ ટેન્કર પર બોમ્બ ઝીંકવાના મામલે અલ ડારબીને દોષિત ઠેરવવામાં આવ્યા હતા. કાસીમના અગાઉના લખાણો અને કેમ્પસ એક્ટિવિઝમ પણ ફરી ચર્ચામાં આવ્યા છે. કાસીમને સોરોસ પરિવારના ફંડમાંથી કોલંબિયા લૉ સ્કૂલમાં ફેલોશિપ મળી હતી.યુએસમાં જમણેરી પાંખ દ્વારા અનેક વખત કાસીમનો વિરોધ થયેલો છે. ૧૯૯૯માં કાસીમે ઈઝરાયેલી રેપ નામની વાનગીનો વિરોધ કર્યો હતો અને આ નામ મુસ્લિમો તથા આરબની લાગણી દુભાવતું હોવાનું કહ્યું હતું. કોલંબિયામાં તેમણે મુસ્લિમ યુવાનોના ગ્રૂપ ટુરાથની સ્થાપના કરી હતી. આ ગ્રૂપ પર અમેરિકામાં હિંસા ભડકાવવાનો, ઈઝરાયેલી નાગરિકો પર હુમલા કરાવવાનો અને હમાસને સમર્થન આપવાનો આરોપ છે. તાજેતરમાં તેમણે પેલેસ્ટાઈનના કટ્ટર સમર્થક અને કોલંબિયાના ગ્રેજ્યુએટ વિદ્યાર્થી મહેમૂદ ખલીલની અટકાયતનો વિરોધ કર્યો હતો.

---

### સુરતથી બીલીમોરાના રૂટથી થશે શરુઆત

## દેશની પ્રથમ બુલેટ ટ્રેન ૧૫ ઓગસ્ટ ૨૦૨૭થી દોડશે

### ૫ ફેઝમાં મુંબઈથી અમદાવાદ વચ્ચે ટ્રેનની શરૂઆત થશે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશમાં બુલેટ ટ્રેનને લઈને મહત્વના સમાચાર આવ્યા છે. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭ ના રોજ દેશમાં પહેલી બુલેટ ટ્રેન દોડશે. મહત્વની વાત એ છે કે, ૫ ફેઝમાં મુંબઈથી અમદાવાદ વચ્ચે ટ્રેનની શરૂઆત થશે. ભારતીય રેલ્વેના ઈતિહાસમાં એક નવો અધ્યાય શરૂ થવા જઈ રહ્યો છે. રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે દેશની પ્રથમ બુલેટ ટ્રેન દોડવાની તારીખ જાહેર કરી છે. દેશની પ્રથમ હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન મુંબઈ-અમદાવાદ કોરિડોર પર દોડશે. રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે તાજેતરમાં આ જાહેરાત કરી હતી, જેમાં ગુજરાતમાં કાર્યરત થનારા પ્રથમ સેગમેન્ટ, સુરતથી વાપી સુધી, લગભગ ૧૦૦ કિમીને લક્ષ્ય બનાવ્યું હતું.



૫ ફેઝમાં બૂલેટ ટ્રેન દોડશે

સૌપ્રથમ સુરતથી બિલિમોરા વચ્ચે ટ્રેન દોડશે.

બીજા ફેઝમાં વાપીથી સુરત વચ્ચે દોડશે

ત્રીજા ફેઝમાં વાપીથી અમદાવાદ વચ્ચે દોડશે

ચોથા ફેઝમાં થાણેથી અમદાવાદ સુધી ટ્રેન દોડશે

અંતિમ ફેઝમાં મુંબઈથી અમદાવાદ વચ્ચે દોડશે બુલેટ

નવા વર્ષના પહેલા દિવસે, રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી હતી કે સુરત-બિલીમોરા સેગમેન્ટ પહેલા ખુલશે. આ પછી વાપી-સુરત સેગમેન્ટ, પછી વાપી-અમદાવાદ સેગમેન્ટ, પછી થાણે-અમદાવાદ કોરિડોર અને છેલ્લે મુંબઈ-અમદાવાદ કોરિડોર શરૂ થશે. મુંબઈ-અમદાવાદ કોરિડોર પર દોડતી દેશની પ્રથમ હાઈ-સ્પીડ બુલેટ ટ્રેન ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીમાં કાર્યરત થવાની ધારણા છે. સ્વતંત્રતા દિવસ સાથે જોડાયેલી આ તારીખનું વિશેષ મહત્વ છે. હવે લક્ષ્ય ૨૦૨૭ છે. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે બુલેટ ટ્રેન ૧૫ ઓગસ્ટ, ૨૦૨૭ સુધીમાં તૈયાર થઈ જશે.

મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર **(MAHSR)** ૫૦૮ કિમી લાંબો છે, જેનો મોટાભાગનો ભાગ એલિવેટેડ વાયડક્ટ્સ પર છે. જાપાનની શિંકનસેન ટેકનોલોજી પર આધારિત, આ પ્રોજેક્ટ ઝડપથી આગળ વધી રહ્યો છે. ગુજરાતમાં બાંધકામ મોખરે છે, જ્યાં ઘણા નદી પુલ અને સ્ટીલ પુલ પૂર્ણ થઈ ગયા છે. ટ્રાયલ રન ૨૦૨૬ માં શરૂ થવાની ધારણા છે, જેમાં પ્રથમ પ્રોટોટાઈપ ટ્રેન ડિસેમ્બર ૨૦૨૬ સુધીમાં ટ્રાયલ માટે તૈયાર છે. ગુજરાતમાં સુરત-વાપી અથવા સુરત-બિલીમોરા સેગમેન્ટ પર પ્રથમ કોમર્શિયલ રન શરૂ થશે. સમગ્ર કોરિડોર ૨૦૨૯ સુધીમાં કાર્યરત થવાની ધારણા છે, જે મુંબઈથી અમદાવાદ સુધીની મુસાફરીનો સમય ઘટાડીને ફક્ત ૨ કલાક અને ૭ મિનિટ કરશે. મુસાફરોને ઝડપી, સલામત અને આરામદાયક મુસાફરી પૂરી પાડવા ઉપરાંત, આ પ્રોજેક્ટ ગુજરાત અને મહારાષ્ટ્રના મુખ્ય શહેરોને જોડીને આર્થિક વિકાસને પણ વેગ આપશે.

---

### દુર્ઘટનામાં અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા

## સ્વિઝરલેન્ડના ક્રાંસ મોન્ટાનાના બારમાં ભીષણ વિસ્ફોટ, ૪૦ લોકોના મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)સ્વિઝરલેન્ડ

સ્વિઝરલેન્ડના જાણીતા શહેર ક્રાંસ-મોન્ટેનામાં નવા વર્ષની ઉજવણી દરમિયાન એક બારમાં વિસ્ફોટ અને આગની દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૪૦ લોકો માર્યા ગયા હતા. જ્યારે અનેક લોકો ઈજાગ્રસ્ત થયા હતા. દુર્ઘટના બાદ વિસ્તારમાં અફરાતફરી મચી ગઈ હતી.



વાલેસ કેન્ટન પોલીસના જણાવ્યા અનુસાર, નવા વર્ષની ઉજવણી દરમિયાન ક્રેન્સ-મોન્ટાનામાં નામના બારમાં એક અથવા વધુ વિસ્ફોટ થયા હતા. ત્યારબાદ ભારે આગ લાગી હતી. આગ લગભગ ૧:૩૦ વાગ્યે લાગી હતી. તે સમયે બારમાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા.

પોલીસ પ્રવકતા ગેટન લાથિયને એએફપીને જણાવ્યું હતું કે વિસ્ફોટનું કારણ હજુ સ્પષ્ટ નથી. તેમણે કહ્યું કે આ ઘટનામાં ઘણા લોકો ઘાયલ થયા છે અને ઘણા લોકોના મોતની પુષ્ટી થઈ છે. અકસ્માતની માહિતી મળતાં જ મોટી સંખ્યામાં બચાવ અને રાહત ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. ઘણી એમ્બ્યુલન્સ તૈનાત કરવામાં આવી હતી, જ્યારે ઘાયલોને હોસ્પિટલોમાં લઈ જવા માટે એર-ગ્લેશિયર્સ હેલિકોપ્ટરનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. આગને કાબૂમાં લેવા માટે અથાક મહેનત કરી હતી.

પોલીસે પીડિતોના પરિવારો માટે ૦૮૪૮ ૧૧૨ ૧૧૭ નામનો હેલ્પલાઈન નંબર જાહેર કર્યો છે. હાલમાં પોલીસ અને તપાસ એજન્સીઓ ઘટનાની તપાસ કરી રહી છે. વિસ્ફોટના કારણની તપાસ કરવામાં આવી રહી છે. નવા વર્ષની ઉજવણી કરવા માટે મોટી સંખ્યામાં પ્રવાસીઓ ક્રેન્સ-મોન્ટાના આવ્યા હતા.

પોલીસના જણાવ્યા અનુસાર, વિસ્ફોટ બારમાં નવા વર્ષની પૂર્વ સંધ્યાની પાર્ટી દરમિયાન થયો હતો, જ્યાં મોટી સંખ્યામાં લોકો હાજર હતા. સ્વિસ પોલીસે ગુરુવારે સવારે અહેવાલ આપ્યો હતો કે ક્રાન્સ-મોન્ટાનાના લકઝરી અલ્પાઈન સ્કી રિસોર્ટમાં વિસ્ફોટ થયો હતો. સ્વિસ મીડિયા અનુસાર, દક્ષિણપશ્ચિમ સ્વિઝરલેન્ડના વેલેસ કેન્ટનમાં પોલીસ પ્રવકતા ગેટન લેથિયનએ એજન્સીઓને જણાવ્યું હતું કે, "આ વિસ્ફોટ અજ્ઞાત કારણોસર થયો હતો.

" તેમણે કહ્યું, "ઘણા લોકો ઘાયલ થયા હતા અને ઘણા લોકો મૃત્યુ પામ્યા હતા."

સ્વિસ મીડિયામાં પ્રકાશિત થયેલા ફોટા અને વીડિયો અનુસાર, વિસ્ફોટ પછી બાર ધરાવતી ઈમારત આગમાં લપેટાઈ ગઈ હતી, ત્યારબાદ ચીસો અને રડવાનો અવાજ સંભળાયો હતો. પોલીસનું કહેવું છે કે વિસ્ફોટનું કારણ હજુ સુધી અજ્ઞાત છે. વિસ્ફોટ પછી રસ્તાની બાજુમાં વીડિયો રેકોર્ડ કરવામાં આવ્યા હોવાનું માનવામાં આવે છે. ક્રાન્સ-મોન્ટાના એ સ્વિસ પ્રદેશના વૈલિસમાં એક પ્રતિષ્ઠિત સ્કી રિસોર્ટ છે. આ રિસોર્ટ ખાસ કરીને બ્રિટિશ પ્રવાસીઓમાં લોકપ્રિય છે. જાન્યુઆરીના અંતમાં આ રિસોર્ટ એક મુખ્ય સ્પીડ સ્કીઈંગ ઈવેન્ટ, **FIS** વર્લ્ડ કપનું આયોજન કરશે.

---

## ફ્રીઝ, TV, LPG સ્ટવ સહિતની પ્રોડક્ટ્સ માટે હવે સ્ટાર રેટિંગ ફરજિયાત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સરકારે 1 જાન્યુઆરીથી રેફ્રિજરેટર, ટીવી, LPG ગેસ સ્ટવ, કુલિંગ ટાવર અને ચિલર સહિતના સંખ્યાબંધ એપ્લાયન્સિસ માટે ઉર્જા કાર્યક્ષમતા દર્શાવતું સ્ટાર રેટિંગ ફરજિયાત બનાવ્યું છે. ડીપ ફ્રીઝર, ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર અને ગ્રીડ કનેક્ટેડ સોલાર ઈન્વર્ટરને પણ ઊર્જાની કેટલી બચત થાય છે તે દર્શાવતા સ્ટાર રેટિંગના નિયમો લાગુ પડશે. આ નવા સ્ટાર રેટિંગથી કૂલિંગ અપ્લાયન્સિસના ભાવમાં 5-10 ટકાનો વધારો થવાની શક્યતા છે. સંભવતઃ 1 જાન્યુઆરીથી લાગુ પડનારા આ ભાવ વધારાને કારણે, જીએસટી સુધારા થકી ગ્રાહકોને મળેલી કિંમતમાં મળેલો ઘટાડાનો લાભ લગભગ ધોવાઈ જશે. બ્યૂરો ઓફ એનર્જી એફિશિયન્સી એ એક જાહેરનામું જારી કરી આ નિયમો અમલી બનાવ્યા છે. અગાઉ ફ્રોસ્ટ ફ્રી રેફ્રિજરેટર, ડાયરેક્ટ કૂલ રેફ્રિજરેટર, ડીપ ફ્રીઝર, RAC (કેસેટ, ફ્લોર સ્ટેન્ડિંગ ટાવર, સીલિંગ, કોર્નર એસી), કલર ટીવી અને અલ્ટ્રા-હાઈ ડેફિનેશન ટીવી જેવી પ્રોડક્ટ્સ પર સ્ટાર લેબલિંગ સ્વૈચ્છિક હતું.સ્ટાર લેબલિંગ માટે ફરજિયાત ઉપકરણોની યાદી સમયાંતરે અપડેટ કરવામાં આવે છે. આ ઉપકરણો માટેના નિયમનો મુસદો જુલાઈ 2025માં જાહેર કરાયો હતો.




# તંત્રી લેખ......

## આર્થિક મોરચે સારી સંભાવનાઓ

વિવિધ વૈશ્વિક આર્થિક સંગઠનો દ્વારા નવા વર્ષ ૨૦૨૬ માટે આર્થિક સંભાવનાઓ પર પ્રકાશિત અહેવાલો અનુસાર, નવું વર્ષ ભારત માટે સકારાત્મક આર્થિક સંભાવનાઓ લાવશે. કેર એજ રેટિંગ્સ અનુસાર, આગામી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં ભારતીય અર્થતંત્ર ૭ ટકાના દરે વૃદ્ધિ પામશે તેવી અપેક્ષા છે. એક્સિસ બેંકના અહેવાલ મુજબ, આગામી વર્ષમાં ભારતનો વિકાસ દર ૭.૫ ટકાના ઉચ્ચ સ્તરે પહોંચી શકે છે. જ્યારે ભારત ૨૦૨૫ માં ઈ૪.૧૮ ટ્રિલિયન (લાખ કરોડ) ના જીડીપી સાથે વિશ્વનું ચોથું સૌથી મોટું અર્થતંત્ર બન્યું, ત્યારે ભારત નવા વર્ષમાં વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનવાના માર્ગ પર આગળ વધશે. વૈશ્વિક રોકાણ કંપની ઈન્વેસ્કો કહે છે કે ભારત આ વર્ષે વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે પોતાનું સ્થાન જાળવી રાખશે. જોકે, વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે, ભારતે આર્થિક અને નાણાકીય સુધારાઓને પણ વેગ આપવો પડશે. નવા વર્ષમાં સ્થાનિક બજારની મજબૂતાઈ ભારતીય અર્થતંત્ર માટે મજબૂત પાયો રહેશે. આ સમયગાળા દરમિયાન, ભારતનું સ્થાનિક બજાર ૧૦ ટકાથી વધુના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દર  થી વધશે, અને આ ઝડપી ગતિએ, ભારતનું સ્થાનિક બજાર ૨૦૩૦ સુધીમાં આશરે ૨૩૭ બિલિયન સુધી પહોંચી શકે છે. ૨૦૨૬ માં ફુગાવામાં ઘટાડો, કર સુધારા અને વ્યાજ દરમાં ઘટાડો ઝડપી વૃદ્ધિ માટે પાયો પૂરો પાડશે. ભારતીય રિઝર્વ બેંકનો અંદાજ છે કે ૨૦૨૬ માં ફુગાવો ઓછો રહેશે. ગયા વર્ષે શરૂ કરાયેલ જીએસટી દર સુધારા પહેલ આ વર્ષે વધુ વ્યાપક પરિણામો આપવાનું શરૂ કરશે. નવા વર્ષમાં મનરેગાને બદલે વીબી-જી  રામ જીના અમલીકરણથી ગ્રામીણ રોજગાર અને ગ્રામીણ અર્થતંત્ર પણ મજબૂત બનશે. ૧ એપ્રિલથી લાગુ થનારા નવા આવકવેરા કાયદાએ માત્ર કેટલાક વિભાગોમાં ફેરફાર કર્યા નથી પરંતુ સમગ્ર કર પ્રણાલીમાં પણ પરિવર્તન લાવ્યું છે, જેનાથી અર્થતંત્ર આગળ વધશે. આ મધ્યમ વર્ગની ખરીદ શક્તિમાં વધારો કરશે, માંગને વેગ આપશે અને ખાનગી રોકાણને પ્રોત્સાહન આપશે.

રિઝર્વ બેંક દ્વારા શરૂ કરાયેલ વ્યાજ દરમાં ઘટાડાનો ટ્રેન્ડ આ વર્ષે પણ ચાલુ રહેવાની શક્યતા છે. આનાથી માંગ અને વપરાશમાં વધુ વધારો થશે. વૈશ્વિક નાણાકીય સલાહકાર પેઢી ગ્લોબલ વેલ્થ મેનેજર્સના નવા અહેવાલ મુજબ, ૨૦૨૬ સુધીમાં ભારત વપરાશ સ્તરમાં સુધારો થવાની દ્રષ્ટિએ વિશ્વનું સૌથી આકર્ષક બજાર બનશે. વધતા ઉદ્યોગ, સેવા ક્ષેત્ર, માળખાગત સુવિધા, શેરબજાર અને મધ્યમ વર્ગની ખરીદ શક્તિને કારણે દેશમાં જીએસટી અને આવકવેરા વસૂલાતમાં તીવ્ર વધારો થશે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં એપ્રિલથી નવેમ્બર ૨૦૨૫ વચ્ચે જીએસટી વસૂલાત ગયા વર્ષના સમાન સમયગાળાથી વધીને ૧૪.૭૫ લાખ કરોડ થઈ ગઈ છે. તેવી જ રીતે, ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માં વધુ આવકવેરા રિટર્ન ફાઈલ થવાની અને પાછલા વર્ષ કરતા વધુ આવકવેરા વસૂલાત થવાની ધારણા છે.

ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે ડિસેમ્બર સુધીમાં ૮૪.૪ મિલિયન આવકવેરા રિટર્ન ફાઈલ કરવામાં આવ્યા છે. ભારતીય શેરબજાર ૨૦૨૬ માં ઝડપથી વૃદ્ધિ પામશે, અને મોટી સંખ્યામાં વિદેશી રોકાણકારો ભારતમાં આવશે. ૧ એપ્રિલ, ૨૦૨૬ ના રોજ નવા શ્રમ કાયદાઓના અમલીકરણથી ઔદ્યોગિકીકરણ અને નિકાસ વૃદ્ધિમાં વધારો થશે. નિઃશંકપણે, ૨૦૨૬ માં ભારતની આર્થિક સંભાવનાઓ તેજસ્વી દેખાય છે. જો કે, તેની મજબૂત આર્થિક ગતિ જાળવી રાખવા માટે, ભારતે આર્થિક સુધારાઓ કરવા પડશે, જેમાં સ્થાનિક વપરાશમાં વધારો, રોજગારીનું સર્જન અને વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતા વચ્ચે રાજકોષીય ખાધને નિયંત્રિત કરવાનો સમાવેશ થાય છે.

આ સુધારાઓમાં આગામી પેઢીના સુધારા, જીવનનિર્વાહ અને વ્યવસાય કરવાની સરળતા, માળખાગત સુધારા, શાસનને મજબૂત બનાવવું અને અર્થતંત્રને મજબૂત બનાવવું શામેલ છે. વધુમાં, દેશને કૃષિ, બેંકિંગ, પરિવહન અને ટેલિકોમ્યુનિકેશન, વીજળી, પરમાણુ ઊર્જા, અવકાશ, સંરક્ષણ, પેટ્રોલિયમ, કોલસો અને અન્ય ખનિજોમાં સુધારાઓને વેગ આપવાની જરૂર પડશે. આશા છે કે નવા વર્ષમાં, સરકાર વિશ્વ બેંકની નાણાકીય ક્ષેત્ર મૂલ્યાંકન સમિતિના અહેવાલને ધ્યાનમાં લેશે, જેમાં જણાવાયું છે કે ભારતને મજબૂત ઔદ્યોગિક અને વ્યવસાયિક વિકાસ માટે ઝડપી આર્થિક અને નાણાકીય ક્ષેત્રના સુધારાઓ સાથે ખાનગી મૂડી ગતિશીલતાને પ્રોત્સાહન આપવાની જરૂર પડશે.

'અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬'

# 'ભારત એક ગાથા' થીમ સાથે ૧૪મા ઈન્ટરનેશનલ ફ્લાવર શૉનો શુભારંભ કરાવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે આજે સાબરમતી રિવરફ્રન્ટ ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ ૨૦૨૬'નો શુભારંભ કરાવ્યો હતો. 'ભારત એક ગાથા' થીમ પર ઈન્ટરનેશનલ ફ્લાવર શૉની આ ૧૪મી આવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતની સમૃદ્ધ, વૈવિધ્યસભર અને ગૌરવસભર સંસ્કૃતિને રજૂ કરતાં આ ભવ્ય ઉત્સવને આગામી તા. ૨૨ જાન્યુઆરી સુધી માણી શકાશે.

આ પ્રસંગે ઊર્જામંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ શહેરી વિકાસ રાજયમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા પણ ઉપસ્થિત રહ્યાં હતાં.

'અમદાવાદ ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬'ના શુભારંભ બાદ મુખ્યમંત્રી સહિત તમામ ઉપસ્થિત મહેમાનોએ ફ્લાવર શૉનાં વિવિધ ઝોનની મુલાકાત લઈને વિવિધ આકર્ષણો નિહાળ્યા હતા. આ ઉપરાંત, અનેકવિધ ફ્લાવર સ્કલ્પચરને સૌએ બિરદાવ્યા પણ હતા.

આ પ્રદર્શનમાં 'સ્ત્રી સશક્તીકરણ'ની થીમ પર તૈયાર કરવામાં આવેલા સ્કલ્પચરનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે અનાવરણ કરાયું હતું. વધુમાં, લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના રાષ્ટ્રીય એકતા માટેના યોગદાનને સન્માન આપતું વિશ્વનું સૌથી મોટું ફૂલ ચિત્ર ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડ માટે તૈયાર કરાયું છે. તદુપરાંત, યુનેસ્કો દ્વારા જાહેર 'વિશ્વની અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર-દિવાળી' પર વિશેષ કૃતિ પણ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બનશે.

ઉલ્લેખનીય છે કે, પ્રદર્શનના વિવિધ ઝોન ભારતના અલગ-અલગ આયામોને ઉજાગર કરશે. જેમાં પ્રાચીન જ્ઞાન, ઉત્સવોનો ઉલ્લાસ, કલાત્મક તેજસ્વિતા અને આધુનિક વિકાસની ગાથા સામેલ

ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ તેમજ શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલાની પ્રોત્સાહક ઉપસ્થિતિ





છે. મુલાકાતીઓને એક ઝોનમાંથી બીજા ઝોનમાં આગળ વધવાની સાથે પ્રાચીનથી અર્વાચીન ભારતની સમગ્ર સમયયાત્રાનો અનુભવ થશે. અહીં 'વિવિધતામાં એકતા'ની ભાવનાને નજીકથી અનુભવી શકશે. વધુમાં, ખાસ ઑડિયો ગાઈડ પણ બનાવવામાં આવ્યા છે. ફ્લાવર શૉમાં વિવિધ સ્થળ પર ક્યૂઆર કોડ સ્કેન કરી ફૂલ, સ્કલ્પચર અને ઝોન વિષેની માહિતી મેળવી શકાશે.

આ સિવાય, સોવેનિયર શોપ, નર્સરી, ચાઈલ્ડ કેર યુનિટ ઉપરાંત ફૂડ સ્ટોલ મુલાકાતીઓનાં આકર્ષણનાં કેન્દ્ર બની રહેશે.

જનભાગીદારીથી આયોજિત આ ફ્લાવર શૉમાં ઘણા સ્વતંત્ર કોર્પોરેટ અને સરકારી એકમો આ આયોજનમાં ભાગીદાર બન્યા છે.

આ પ્રસંગે અમદાવાદના મેયર સુશ્રી પ્રતિભાબેન જૈન, અમદાવાદના ધારાસભ્યો સવશ્રી અમિત ઠાકર, જીતુભાઈ પટેલ, હર્ષદભાઈ પટેલ ડેપ્યુટી મેયર જતીનભાઈ પટેલ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દેવાંગભાઈ દાણી, મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, મ્યુનિ. કોર્પોરેશનના હોદેદારો, પદાધિકારીઓ તથા કોર્પોરેટ એકમોના પ્રતિનિધિઓ સહિત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

ઈન્ટરનેશનલ ફ્લાવર શૉ-૨૦૨૬નાં મહત્ત્વનાં આકર્ષણો

- ભારતની પૌરાણિક ધરોહરને રજૂ કરતો શાશ્વત ભારત ઝોન અને ૩૦ મીટર વ્યાસનું ભવ્ય ફૂલ મંડળ ફ્લાવર શૉના મહત્ત્વનાં આકર્ષણો
- દેશની હાઈ-સ્પીડ રેલ, નવીનીકરણીય ઊર્જા, સ્પોર્ટ્સ ક્ષેત્રની સિદ્ધિઓ, અંતરિક્ષ ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી સિદ્ધિઓને ફૂલોના માધ્યમથી રજૂ કરાઈ

વિશ્વકક્ષાનો અમદાવાદ ફ્લાવર શૉ-૨૦૨૬ ભારતીય સંસ્કૃતિ અને પ્રકૃતિની સુંદરતાનો સંગમ રજૂ કરે છે. આ વાર્ષિક રંગોત્સવમાં ભારતભરમાંથી પ્રકૃતિ અને સંસ્કૃતિપ્રેમીઓ મુલાકાત લે છે. એટલું જ નહીં, ફૂલોની ફોરમની સાથે માનવીય કલાકારીગીરીની અગણિત યાદો પણ સાથે લઈને જાય છે.

આ ફૂલ મહોત્સવ એક પ્રદર્શન ન રહેતા, પર્યાવરણીય જાગૃતિ અને સસ્ટેનેબિલિટી તેમજ અમદાવાદ શહેરની જૈવવિવિધતા અને ઈકોફ્રેન્ડલી સિસ્ટમને વધુ મજબૂત કરવા માટે પણ પ્રતિબદ્ધ છે. જે નાગરિકોને પણ પર્યાવરણ અંગે જાગૃત કરી, તેમને આ ફ્લાવર શૉમાં સંસ્કૃતિ અને પ્રકૃતિના સંવર્ધન માટે ભાગીદાર બનવા પ્રોત્સાહન પૂરું પાડે છે.

ફ્લાવર શોની યાત્રા ભવ્ય પ્રવેશદ્વારથી શરૂ થશે, જ્યાં બે વિશાળ ફૂલોના સિંહો મુલાકાતીઓનું સ્વાગત કરશે. આ સિંહો ભારતની હિંમત, ગૌરવ અને અડગ આત્માનું પ્રતીક બની રહેશે. પ્રવેશ ઝોનમાં કમળના ફાઉન્ટેન દ્વારા રાષ્ટ્રીય ગૌરવને ફૂલોથી સજાવી રજૂ કરવામાં આવશે, જે સમગ્ર પ્રદર્શનના થીમને અનુરૂપ ગૌરવસભર વાતાવરણ સર્જશે.

પ્રદર્શનમાં ભારતના વિવિધ ઉત્સવોને સમર્પિત વિશેષ ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે. અહીં ફૂલકળાના માધ્યમથી દિવાળીના પ્રકાશ અને આશાનો સંદેશ, હોળીના રંગો અને ઉલ્લાસ, ઓણમની પરંપરાગત સૌમ્યતા અને બિહુના લયબદ્ધ ઉત્સવોને જિવંત સ્વરૂપ આપવામાં આવશે. આ ઝોન ભારતની સાંસ્કૃતિક વિવિધતાને ઉજાગર કરી એકતાની ભાવનાને વધુ મજબૂત બનાવશે. તે સાથે જ બાળકો માટે વિશેષ રંગીન અને આનંદમય ઝોન પણ તૈયાર કરવામાં આવ્યો છે, જ્યાં કાર્ટૂન પાત્રો દ્વારા બાળકો માટે મનોરંજન અને કલ્પનાનું વિશ્વ સર્જવામાં આવશે.

ભારતની પૌરાણિક ધરોહરને રજૂ કરતો 'શાશ્વત ભારત' ઝોન પણ ફ્લાવર શોનું મુખ્ય આકર્ષણ બનશે. આ આધ્યાત્મિક રીતે સમૃદ્ધ ઝોનમાં સમુદ્ર મંથન, ગીતા સાર, ગોવર્ધન લીલા, ગંગા અવતરણ અને રામસેતુ જેવા પૌરાણિક પ્રસંગોને ફૂલોના શિલ્પો દ્વારા કલાત્મક રીતે પુનઃરચિત કરવામાં આવ્યા છે. જે મુલાકાતીઓને ભારતની પ્રાચીન સાંસ્કૃતિક કથાઓ સાથે જોડે છે.

આ સાથે ભારતીય શાસ્ત્રીય અને લોકનૃત્ય પરંપરાઓને સમર્પિત ઝોનમાં કુચિપુડી, ભાંગડા, ગરબા અને કથકલી જેવાં નૃત્ય સ્વરૂપોની સૌમ્યતા રજૂ થશે. આ ઝોનના કેન્દ્રમાં ભગવાન નટરાજની પ્રતિમા ભારતની કલાત્મક સમૃદ્ધિ, પરંપરાની સતતતા અને તાલની સર્વવ્યાપી ભાષાનું પ્રતીક બની રહેશે. આધુનિક ભારતની પ્રગતિને દર્શાવતો 'ભારતની સિદ્ધિઓ' ઝોન ફૂલોના માધ્યમથી દેશની હાઈ-સ્પીડ રેલ, નવીવીકરણીય ઊર્જા, સ્પોર્ટ્સ ક્ષેત્રની સિદ્ધિઓ, અંતરિક્ષ ટેકનોલોજી અને શિક્ષણ ક્ષેત્રમાં પ્રાપ્ત થયેલી ઉત્તમતાને રજૂ કરશે. આ ઝોન ભારતના વારસા અને ભવિષ્યમુખી નવીનતાના સંતુલિત વિકાસની શક્તિશાળી ગાથા રજૂ કરશે.

પ્રદર્શનનું એક મુખ્ય કેન્દ્રબિંદુ રાષ્ટ્રીય એકતાનું પ્રતીકાત્મક ઝોન રહેશે, જેમાં ૩૦ મીટર વ્યાસનું ભવ્ય ફૂલ મંડળ અને સરદાર વલ્લભભાઈ પટેલનું વિશ્વનું સૌથી મોટું ફૂલ ચિત્ર રજૂ કરવામાં આવશે. ભારતના લોખંડી પુરુષ તરીકે ઓળખાતા સરદાર પટેલના રાષ્ટ્રીય એકતામાં આપેલા યોગદાનને સન્માન આપતું આ પ્રદર્શન ગિનિસ વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કરવા માટે તૈયાર કરવામાં આવ્યું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ફ્લાવર શો-૨૦૨૬ અંતર્ગત સાબરમતી રિવરફ્રન્ટ પર ઈવેન્ટ ગ્રાઉન્ડમાં ડિસ્પ્લે માટે લગાવવામાં આવેલા સીઝનલ પ્લાન્ટ્સની જાળવણી માટે ટ્રેક્ટર કે પાઈપ જેવી પરંપરાગત વોટરિંગ પદ્ધતિના બદલે ૧૦,૫૨૪ ચો.મીટર એરીયામાં સ્પ્રિંકલિંગ ઈરિગેશન નેટવર્ક સિસ્ટમ લગાવવામાં આવી છે.

મુલાકાતીઓની સુગમતા માટે ચાર ખાસ પ્રવેશદ્વાર

- ગેટ નંબર ૧ – ફ્લાવર પાર્ક, એલિસબ્રિજ પાસે, રિવરફ્રન્ટ વેસ્ટ
- મલ્ટિલેવલ કાર પાર્કિંગ ફૂટ ઓવર બ્રિજ ઉપરથી
- ગેટ નંબર ૪ – ઈવેન્ટ સેન્ટર, રિવરફ્રન્ટ વેસ્ટ
- પૂર્વ પ્રવેશ, અટલ બ્રિજનો પૂર્વ છેડો, રિવરફ્રન્ટ પૂર્વ

ટિકિટના દર તથા સમય

મુલાકાતીઓ માટે સોમવારથી શુક્રવાર પ્રવેશ દર રૂ. ૮૦/- તથા શનિવાર, રવિવાર તેમજ જાહેર રજાના દિવસે પ્રવેશ દર રૂ. ૧૦૦/- રહેશે. વધુમાં, તમામ પ્રકારના દિવ્યાંગો, સૈનિકો, ૧૨ વર્ષ કે તેનાથી ઓછી ઉંમરનાં બાળકો તથા અ.મ્યુ.કો. હસ્તકની શાળાનાં વિદ્યાર્થીઓ માટે તમામ દિવસોએ નિઃશુલ્ક પ્રવેશ રહેશે. અ.મ્યુ.કો. સિવાયની શાળાઓનાં બાળકો માટે સોમવારથી શુક્રવાર સવારે ૯:૦૦ થી ૧:૦૦ સુધી પ્રવેશ દર રૂ.૧૦/- રહેશે. વધુમાં, મુલાકાતીઓ માટે સવારે ૮ થી ૯ તેમજ રાત્રે ૧૦ થી ૧૧ સુધી પ્રાઈમ ટાઈમ સ્લોટમાં રૂ. ૫૦૦/- પ્રવેશ દર રહેશે.

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી શીશપાલસિંહની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ

# ગુજરાતમાં એક લાખથી વધુ નાગરિકોએ વર્ષ ૨૦૨૬ની પ્રથમ સૂર્ય કિરણને સૂર્ય નમસ્કાર અને ધ્યાન કરીને વધાવી

રાજ્યવ્યાપી 'સૂર્ય નમસ્કાર અભિયાન'માં ગુજરાતના યુવાધને બતાવી ભારતીય સંસ્કૃતિની શક્તિ





ગુજરાતમાં એક લાખથી વધુ નાગરિકોએ વર્ષ ૨૦૨૬ની પ્રથમ સૂર્ય કિરણને સૂર્ય નમસ્કાર અને ધ્યાન કરીને વધાવી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા રાજ્યભરમાં 'નવા વર્ષની પ્રથમ સૂર્યકિરણને નમસ્કાર' કાર્યક્રમ નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. ૧લી જાન્યુઆરી ૨૦૨૬ના પ્રથમ સૂર્યોદયને વધાવવા માટે ગુજરાત તેમજ સમગ્ર દેશ અને વિદેશના એક લાખથી વધુ નાગરિકો, વિદ્યાર્થીઓ અને યુવાનોએ વિદેશી સંસ્કૃતિના આંધળા અનુકરણને તિલાંજલિ આપી, યોગ અને સૂર્ય ઉપાસનાના માધ્યમથી નવા વર્ષનો મંગલ પ્રારંભ કર્યો હતો. આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી શીશપાલસિંહ પણ વર્ચ્યુઅલી જોડાયા હતા. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, નવા વર્ષની ઉજવણી મોડી રાત સુધીની પાર્ટીઓમાં કરવાને બદલે વહેલી સવારે યોગ, પ્રાણાયામ અને સૂર્ય નમસ્કાર સાથે કરવી જોઈએ. આ તંદુરસ્ત શરૂઆત યુવાનોની પ્રગતિ અને સ્વાસ્થ્ય માટે આશીર્વાદરૂપ બનશે. આ પ્રકારના કાર્યક્રમાં મોટી સંખ્યામાં યુવાધન જોડાય એ સાબિતી છે કે, ગુજરાતની નવી પેઢી હવે સ્વાસ્થ્ય અને સંસ્કાર પ્રત્યે વધુ સજાગ બની રહી છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડની યુ ટ્યુબ ચેનલ પર આ કાર્યક્રમના લાઈવ પ્રસારણમાં એક લાખથી વધુ નાગરીકોએ પોતાના ઘરે, અગાશી કે નજીકના બગીચાઓમાંથી ઓનલાઈન જોડાઈને સૂર્ય નમસ્કાર કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન સૂર્ય નમસ્કારના ઈતિહાસ, હનુમાનજીની સૂર્ય સાધના અને તેના વૈજ્ઞાનિક ફાયદાઓ વિશે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. સત્રના અંતે સામૂહિક ધ્યાન દ્વારા શાંતિ અને એકાગ્રતાનો અનુભવ કરવામાં આવ્યો હતો. આ ઐતિહાસિક અભિયાનમાં જોડાયેલા તમામ નાગરિકોને પ્રોત્સાહિત કરવા માટે ઓનલાઈન રજીસ્ટ્રેશન દ્વારા ડિજિટલ સર્ટિફિકેટ પણ આપવામાં આવ્યા હતા. ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષશ્રીએ આ કાર્યક્રમને સફળ બનાવવા બદલ તમામ સરકારી વિભાગો, કચેરીઓ અને નાગરિકોનો આભાર માન્યો હતો. આ કાર્યક્રમ દ્વારા ગુજરાતમાં 'મેદસ્વિતા મુક્ત' અને 'રોગ મુક્ત' ભવિષ્ય વિકસાવવા માટે એક મજબૂત પાયો નાખવામાં આવ્યો છે. - ઋચા

ફરી એકવાર ધરતી ધ્રૂજવાની ઘટના સામે આવી

# તાલાલામાં ફરી ધારા ધ્રૂજી, ૨.૬ ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ગીર સોમનાથ

ગીર સોમનાથ જિલ્લાના તાલાલા પંથકમાં આજે ફરી એકવાર ધરતી ધ્રૂજવાની ઘટના સામે આવી છે. વહેલી સવારે ૩.૫૯ કલાકે તાલાલા અને તેની આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રિક્ટર સ્કેલ પર આ ભૂકંપની તીવ્રતા ૨.૬ નોંધાઈ છે. આંચકો હળવો હોવા છતાં, શાંત વાતાવરણમાં અનુભવાયેલા કંપનને કારણે અનેક લોકો ગભરાઈને ઘરની બહાર દોડી આવ્યા હતા. વહેલી સવારના સમયે આવેલા આ આંચકાને કારણે પંથકમાં ચર્ચાનો વિષય બન્યો છે. ગાંધીનગર સ્થિત સિસ્મોલોજી સેન્ટરના જણાવ્યા અનુસાર, આ ભૂકંપનું કેન્દ્રબિંદુ તાલાલાથી અંદાજે ૨૩ કિલોમીટર દૂર નોંધાયું છે. ૨.૬ની તીવ્રતાનો આંચકો સામાન્ય રીતે હળવો ગણાય છે, જેના કારણે અત્યાર સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર પ્રાપ્ત થયા નથી. ઉલ્લેખનીય છે કે, ગીર સોમનાથ અને તાલાલા પંથકમાં અવારનવાર નાના આંચકા અનુભવાતા રહે છે, જેની પાછળ સ્થાનિક ફોલ્ટ લાઈન જવાબદાર હોવાનું નિષ્ણાંતો માની રહ્યા છે. હાલમાં તંત્ર દ્વારા સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે.

ભુજમાં તંત્રનું બુલડોઝર ફર્યુ

# RTO સર્કલ અને ફાયર સ્ટેશન પાસેના ગેરકાયદે દબાણોનો સફાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના મુખ્ય મથક ભુજ શહેરમાં ટ્રાફિક અને જાહેર માર્ગો પર થતી અડચણો દૂર કરવા માટે તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ભુજ નગરપાલિકા અને સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા RTO સર્કલ અને ફાયર સ્ટેશન આસપાસના વિસ્તારોમાં ગેરકાયદેસર દબાણો દૂર કરવાની મોટી કામગીરી કરવામાં આવી હતી. આ કામગીરી દરમિયાન ખાસ કરીને ફાયર સ્ટેશનની બિલકુલ સામે આવેલા ગેરકાયદેસર દબાણોને નિશાન બનાવવામાં આવ્યા હતા.

અનેક દુકાનદારોએ રસ્તા અને ફૂટપાથ પર અતિક્રમણ કરીને જે પતરાના શેડ બનાવ્યા હતા, તેને તંત્ર દ્વારા તોડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત, ફૂટપાથ પર પથરાયેલા ગેરકાયદે ઓટલા અને અન્ય કાચા-પાકા બાંધકામોનો પણ સફાયો કરવામાં આવ્યો હતો.

RTO સર્કલ એ શહેરનો વ્યસ્ત વિસ્તાર હોવાથી ત્યાં દબાણોના કારણે અવારનવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાતી હતી.

ફૂટપાથ ખુલ્લી થવાથી રાહદારીઓને ચાલવામાં સરળતા રહેશે અને રોડની પહોળાઈ વધતા વાહનવ્યવહાર વધુ સુગમ બનશે. તંત્રની આ અચાનક કાર્યવાહીથી દબાણકર્તાઓમાં ફાળ પડી ગઈ હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ આગામી દિવસોમાં પણ શહેરના અન્ય વિસ્તારોમાં આ પ્રકારે ગેરકાયદે દબાણ હટાવવાની ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે જેથી શહેરના સૌંદર્ય અને વ્યવસ્થા જળવાઈ રહે.

# ૩૧stની મજા સજામાં ફેરવાઈ: અમદાવાદની હોટલમાં દારૂની મહેફિલ પર પોલીસના દરોડા

## હોટલમાં ગેરકાયદેસર દારૂની પાર્ટીનો પર્દાફાશ કરી ૯ નબીરાઓની ધરપકડ કરી છે તેમની સામે ગુજરાત દારૂબંધી કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

૩૧stની ઉજવણીમાં હવે અનેક યુવાનો ઊંધા પાટે ચડી ગયા છે. નવા વર્ષને આવકારવા દારૂ કે અન્ય નશીલા પ્રદાર્થોનું સેવન કરી રહ્યા છે. ત્યારે પોલીસે પણ તેમણે પકડવા કમર કસી છે. અમદાવાદમાં સાબરમતી પોલીસે ગુરુવારે શહેરની એક હોટલમાં ગેરકાયદેસર દારૂની પાર્ટીનો પર્દાફાશ કરી ૯ નબીરાઓની ધરપકડ કરી છે. તેમની સામે ગુજરાત દારૂબંધી કાયદા હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે.

ચોક્કસ માહિતીના આધારે પોલીસ ટીમે ગુરુવારે વહેલી સવારે સાબરમતી વિસ્તારમાં આવેલી એબી ફોર્ચ્યુન હોટેલના રૂમ નંબર ૬૦૮ પર દરોડો પાડ્યો હતો. જ્યાં પોલીસને માન્ય પરમિટ કે પાસ વિના દારૂ પીવાની પાર્ટીનું આયોજન થયું હોવાના પુરાવા મળ્યા હતા, જેમાં બે પ્લાસ્ટિક પાણીની બોટલો, ખાલી બીયર કેન, ડિસ્પોઝેબલ પ્લાસ્ટિક ગ્લાસ અને પ્લેટો અને દારૂ ભરેલી બોટલનો સમાવેશ થાય છે. પોલીસે પુરાવાના ભાગરૂપે તમામ વસ્તુઓ સાથે આશરે ૧.૯૬ લાખની કિંમતનો મોબાઈલ ફોન પણ જપ્ત કર્યો હતો. બાદમાં વધુ તપાસ કરતાં આરોપીની ઓળખ અમદાવાદના ચાંદખેડાના રહેવાસી ૨૬ વર્ષીય હિમાશુ રાઠોડ તરીકે થઈ હતી. આરોપી કોઈપણ માન્ય પરમિટ કે લાઈસન્સ વિના દારૂ પીતો અને મેળાવડાને હોસ્ટ કરતો જોવા મળ્યો હતો. પાર્ટીમાં હાજર અન્ય ઘણા વ્યક્તિઓને પૂછપરછ માટે બોલવવામાં આવ્યા હતા. જેમાંથી ઓળખ કરી પોલીસે ૯ યુવકની ધરપકડ કરી છે. જેમની સામે ગુજરાત દારૂબંધી અધિનિયમ અને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા (BNSS)ની કલમો હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ સાથે પોલીસે ચેતવણી આપી છે કે શહેરમાં ગેરકાયદેસર દારૂના સેવન અને સંબંધિત અસામાજિક પ્રવૃત્તિઓને રોકવા માટે ચાલી રહેલા અમલીકરણ અભિયાનના ભાગ રૂપે આ પ્રકારે દરોડા ચાલુ રહેશે

આ કેસમાં ધરપકડ કરાયેલા નવ આરોપીઓની ઓળખ

-હિમાશુસિંગ સંતાનસિંગ રાઠોડ (૨૬), ચાંદખેડા
-પિન્ટુ ઉર્ફે રાજ યમનભાઈ વલંદ (૩૫), ચાંદખેડા
-નરેશ ચૌધરી (૩૩), થલતેજ
-અભિષેક જૈન (૪૫), ચાંદખેડા
-કાર્તિક દરજી (૨૮), ચાંદખેડા
-પાર્થ દરજી (૩૧), ચાંદખેડા
-દિલીપ ચૌધરી (૨૫), કૃષ્ણનગર
-આલોક ગુપ્તા(૩૩), ચાંદખેડા
-મેહુલ ચૌધરી (૨૫), ચાંદખેડા

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત


- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004
(2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002
and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI
Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307
Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાનો વાયદો રૂ.૧૧૪, ચાંદીનો વાયદો રૂ.૭૩, ક્રૂડ તેલનો વાયદો રૂ.૧ અને ઈલેક્ટ્રિસિટી વાયદો રૂ.૬ ઢીલો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૭૯૭.૫૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૪૮૭૧૫.૯૭ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૦૩૩.૭૫ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૩૪૮૭૦ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ તથા ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઓપ્શન્સમાં રૂ.૬૪૫૧૪.૫૮ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૫૭૯૭.૫૬ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં રૂ.૪૮૭૧૫.૯૭ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૪૮૭૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૦૯૪.૫૧ કરોડનું થયું હતું.




કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૧૨૦૩૩.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૫૨૯૯ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૫૮૯૦ અને નીચામાં રૂ.૧૩૫૦૮૦ના મથાળે અથડાઈ, રૂ.૧૩૫૮૦૪ના આગલા બંધ સામે રૂ.૧૧૪ ઘટી રૂ.૧૩૫૬૯૦ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ગિની જાન્યુઆરી વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૧૪ વધી રૂ.૧૧૧૯૫૦ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-પેટલ જાન્યુઆરી વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨ ઘટી રૂ.૧૩૯૪૨ના ભાવે બંધ થયો હતો. સોનું-મિની ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૧ ઘટી રૂ.૧૩૫૭૦૦ના ભાવે બંધ થયો હતો. ગોલ્ડ-ટેન જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૩૬૪૧૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૩૬૮૮૬ અને નીચામાં રૂ.૧૩૬૧૪૦ના સ્તરને સ્પર્શી, રૂ.૧૩૬૬૯૭ના આગલા બંધ સામે રૂ.૪૩ વધી રૂ.૧૩૬૭૪૦ થયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો કિલોદીઠ રૂ.૨૩૫૯૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૨૩૮૯૧૧ અને નીચામાં રૂ.૨૩૩૮૫૦ના મથાળે અથડાઈ, રૂ.૨૩૫૮૭૩ના આગલા બંધ સામે રૂ.૭૩ ઘટી રૂ.૨૩૫૮૦૦ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ફેબ્રુઆરી વાયદો રૂ.૨૦૬ ઘટી રૂ.૨૩૭૭૯૨ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી વાયદો રૂ.૧૨૯ ઘટી રૂ.૨૩૭૮૮૧ના ભાવે બંધ થયો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૧૭૮૯.૮૭ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું જાન્યુઆરી વાયદો રૂ.૧.૫ ઘટી રૂ.૧૨૯૧ના ભાવે બંધ થયો હતો. જસત જાન્યુઆરી વાયદો ૧૦ પૈસા વધી રૂ.૩૦૮.૧૫ના ભાવે બંધ થયો હતો. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧૦ પૈસા વધી રૂ.૨૯૭.૪ના સ્તરે પહોંચ્યો હતો. સીસું જાન્યુઆરી વાયદો ૫ પૈસા ઘટી રૂ.૧૮૨.૭ના સ્તરે પહોંચ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૯૬૩.૧૧ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી જાન્યુઆરી વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૧૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૫૪૦ અને નીચામાં રૂ.૪૩૦૨ના મથાળે અથડાઈ, રૂ.૬ ઘટી રૂ.૪૪૮૦ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો બેરલદીઠ રૂ.૫૨૦૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૨૩૦ અને નીચામાં રૂ.૫૨૦૨ના સ્તરને સ્પર્શી, રૂ.૫૨૨૩ના આગલા બંધ સામે રૂ.૧ ઘટી રૂ.૫૨૨૨ના ભાવે બંધ થયો હતો. ક્રૂડ તેલ-મિની જાન્યુઆરી વાયદો રૂ.૧ ઘટી રૂ.૫૨૨૨ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો એમએમબીટીયુદીઠ કોઈ ફેરફાર વગર રૂ.૩૨૯.૫ થયો હતો. નેચરલ ગેસ-મિની જાન્યુઆરી વાયદો ૨૦ પૈસા ઘટી રૂ.૩૨૯.૬ના ભાવે બંધ થયો હતો. કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૧૦૨૦ના ભાવે ખૂલી, રૂ.૨.૯ ઘટી રૂ.૧૦૦૫.૨ના સ્તરે પહોંચ્યો હતો. એલચી જાન્યુઆરી વાયદો કિલોદીઠ રૂ.૨૬૨૫ના ભાવે ખૂલી, રૂ.૮ વધી રૂ.૨૬૪૯ના સ્તરે પહોંચ્યો હતો. કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૬૩૨૫.૯૪ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૫૭૦૭.૮૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ. ૧૫૪૩.૩૩ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૧૩.૧૫ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૪.૫૨ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૧૨૮.૮૮ કરોડનાં કામકાજ થયાં હતાં. ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૧.૭૨ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૬.૦૫ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૭૭૫.૩૪ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૦.૪૦ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૯૦૧૯ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૮૮૧૪૩ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૨૭૫૩૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૪૧૫૬૧૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૪૭૦૯૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૭૧૮૮ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૮૮૭ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૦૪૫૪૭ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૪૩૩ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૨૦૭૩૯ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૩૯૫૬૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૩૪૮૦૧ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૩૪૮૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૩૪૭૬૫ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૧૯ પોઈન્ટ વધી ૩૪૮૭૦ પોઈન્ટના સ્તરે બંધ થયો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૯ ઘટી રૂ.૧૩૪.૪ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૧૫ પૈસા ઘટી રૂ.૨૫.૧૫ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૪૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨.૫ ઘટી રૂ.૧૫૦૮ના ભાવે બંધ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૬૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૮.૫ વધી રૂ.૭૮૦૦ના ભાવે બંધ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૧૯ પૈસા વધી રૂ.૭૨ના ભાવે બંધ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૨૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૪૨ પૈસા ઘટી રૂ.૮.૪ થયો હતો.

પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૫૨૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ ૫૦ પૈસા વધી રૂ.૧૧૮.૩ના ભાવે બંધ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૩૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૨૫ પૈસા ઘટી રૂ.૨૫.૫ના ભાવે બંધ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૧૨૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬ વધી રૂ.૩૪૨ થયો હતો. આ સામે ચાંદી જાન્યુઆરી રૂ.૨૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૨૯૦.૫ ઘટી રૂ.૨૮૪૭.૫ થયો હતો. તાંબું જાન્યુઆરી રૂ.૧૧૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૮ પૈસા વધી રૂ.૧૦.૮૯ થયો હતો. જસત જાન્યુઆરી રૂ.૩૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૨૪ પૈસા ઘટી રૂ.૭.૭૯ના ભાવે બંધ થયો હતો.

# બગદાણાની બબાલ મામલે કોળી સમાજ લડી લેવાના મુડમાં : પીઆઈ ડાંગરની તાત્કાલીક કરાઈ બદલી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં હજુ એક ડાયરાના કલાકારનો વિવાદ માંડ શાંત પડયો હતો ત્યાંજ બીજા ડાયરાના કલાકારનો નવો વિવાદ બહાર આવ્યો છે. સમગ્ર વિવાદ માયાભાઈ આહીરના ૨૪ ડીસેમ્બરના મુંબઈના કાંદીવલી ખાતે યોજાયેલા કાર્યક્રમમાં આપેલા નિવેદન બાદ શરૂ થયો હતો. માયાભાઈ આહીરે બગદાણા ધામ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી શબ્દનો ઉલ્લેખ કરી કોઈ જાહેરાત કરી હતી. જયારે બગદાણાધામના હાલમાં કોઈ મેનેજીંગ ટ્રસ્ટી છે જ નહી, કાર્યક્રમનો વિડીયો વાયરલ થતા બગદાણા આશ્રમના સેવક નવનીતભાઈએ માયાભાઈને ફોન કરી અહીં બધા માત્ર ટ્રસ્ટીઓ છે કોઈ મેનેજીંગ ટ્રસ્ટી નથી એમ જણાવ્યુ હતું. ત્યારબાદ અજાણ્યા શખ્સો દ્વારા બગદાણાના નવનીતભાઈને ફોન કરી મળવા બોલાવી લાકડી ધોકા વડે અલગ અલગ બે વાર હુમલો કર્યો હતો. પણ આ મામલો એટલો બિચકયો કે સમગ્ર કોળી સમાજ એક થયો અને હવે આ કેસના તપાસ અધિકારી પીઆઈ ડાંગરની બદલી કરી દેવામાં આવી છે. બગદાણાના યુવક જેણે જયરાજ આહીર પર તેને અજાણ્યા શખ્સો દ્વારા માર મારવાની વાત કહી છે તેણે આ મામલે ફરીયાદ પણ નોંધાવી છે. પણ પોલીસ ફરીયાદ છતાં પી આઈ ડાંગર જે તપાસ અધિકારી છે તેમણે આ મામલે એકપણ વાર જયરાજ આહીરની પુછપરછ કરી નથી. એટલે તપાસમાં બેદરકારી દાખવવાના કારણે બગદાણાના પીઆઈ ડાંગરની બદલી કરી દેવામાં આવી છે. અને સાથે જ તપાસ હવે મહુવાના પીઆઈ કે વી પટેલને સોપવાનો આદેશ કરવામાં આવ્યો છે.



### આધુનિક અને ડિજિટલ ટેક્નોલોજીના ઉપયોગથી સંભવિત સાયબર ખતરા સામે રાજ્ય સરકારની પૂર્વ તૈયારી

# ગુજરાતના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે રાજ્ય સરકાર દ્વારા કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના

### રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર સુરક્ષાની તૈયારીઓની સમીક્ષા સાથે વ્યૂહાત્મક રોડમેપ તૈયાર કરવામાં આવશે

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં અને ઊર્જા મંત્રી શ્રી ઋષિકેશ પટેલના નેતૃત્વમાં રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે સજ્જ કરવા માટે કોર કમિટી અને ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ કોર કમિટી અને ટાસ્કફોર્સ રાજ્યના ઊર્જા ક્ષેત્રમાં સાયબર સુરક્ષા અંગે જરૂરી કામગીરી, તાલીમ, વિવિધ સંસ્થાઓની ભાગીદારી અને સાયબર જાગરૂકતા કાર્યક્રમો અંગે સમીક્ષા કરીને રોડમેપ રજૂ કરશે. રાજ્યની ૨૪ કલાક વીજ પુરવઠાની વ્યવસ્થામાં હવે સ્માર્ટ મીટર, સ્માર્ટ ગ્રીડ અને SCADA જેવી આધુનિક પ્રણાલીઓ સામેલ કરવામા આવી હોવાથી, ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં સાયબર હુમલાઓની સંભાવના વધી જાય છે. તેને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર તરફથી ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ (EPD) દ્વારા ૧૧ સભ્યોની કોર કમિટી અને ૧૯ સભ્યોની ટાસ્કફોર્સની રચના કરવામાં આવી છે. આ કમિટી અને ટાસ્કફોર્સ ઊર્જા ક્ષેત્રના મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે IT અને સાયબર સુરક્ષાને લગતી વ્યવસ્થાઓ, સાયબર સુરક્ષા નીતિ અને તેની ઘટનાઓના વ્યવસ્થાપન અંગેની તૈયારીઓની સમીક્ષા કરશે. તે સિવાય તેમાં જરૂરી સુધારા અને સાયબર સિક્યોરિટી પ્રણાલીનું નિર્માણ કરવા માટે એક રોડમેપ પણ રજૂ કરશે. તેના માટે શૈક્ષણિક સંસ્થાઓ તેમજ આ ક્ષેત્રના નિષ્ણાતો સાથે ભાગીદારી પણ કરવામાં આવશે અને સાયબર ડ્રિલ અને તાલીમ સાથે જાગરૂકતા કાર્યક્રમો તેમજ રાષ્ટ્રીય અને રાજ્યની એજન્સીઓ સાથે સંકલન કરવામાં આવશે. રાજ્યના ઊર્જા ઈન્ફ્રાસ્ટ્રક્ચરને સાયબર હુમલાઓ સામે જડબેસલાક બનાવવા માટે એક મજબૂત અને સુવ્યવસ્થિત પ્રણાલી વિકસિત કરવાના ઉદ્દેશ સાથે આ નિર્ણય લેવામાં આવ્યો છે.

# નવા વર્ષના પ્રારંભે ગુજરાતના ૪૨ આઈપીએસ અધિકારીઓને મોડે મોડે અપાઈ બઢતી

### ઈન્ચાર્જ ડીજીપી તરીકે ડો. કે એન એલ રાવની નિમણુંક સાથે ડીજીપી, આઈજીપી અને ઓઆઈજી ને ગ્રેડ પ્રમોશન સાથે ૨૮ આઈપીએસ ને જુનીયર એડમીનીસ્ટ્રેટીવ ગ્રેડ માં અપાઈ બઢતી



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ડીજીપી તરીકે વિકાસ સહાયની વિદાય બાદ ઈન્ચાર્જ ડીજીપી તરીકે ડો. કે એલ એન રાવની નિમણુંક કરવામાં આવી છે. સાથે જ નવા વર્ષની શરૂઆત સાથે જ ગુજરાત સરકારે વહિવટી અને પોલીસ વિભાગમાં મોટા ફેરફાર કરીને અધિકારી વર્ગ ને શુભ સંદેશો આપ્યો છે.

ગુજરાતમાં ડીજીપી તરીકે વિકાસ સહાયની વિદાય બાદ ઈન્ચાર્જ ડીજીપી તરીકે ડો. કે એલ એન રાવ ની નિમણુંક કરવામાં આવી છે. નવા ડીજીપી તરીકે રાવની નિમણુંક કરાયાના કલાકોમાં જ ગુજરાતના ૧૪ આઈપીએસ અધિકારીઓના પ્રમોશનના આદેશ આપવામાં આવ્યા હતા. રાજયના ૧૪ વરીષ્ઠ આઈપીએસ અધિકારીઓને ડીજીપી, આઈજીપી અને ડીઆઈજી ગ્રેડમાં પ્રમોશન આપવામાં આવ્યા છે. તેમજ રાજયના ૨૮ આઈપીએસ અધિકારીઓને જુનીયર એડમીનીસ્ટ્રેટીવ ગ્રેડ તેમજ સીલેકશન ગ્રેડમાં બઢતી આપવામાં આવી છે. જેમાં રાજકોટ ના ટ્રાફીક શાખાના ડીસીપી હરપાલસિંહ જાડેજાનો સમાવેશ કરાયો છે.

નવા વર્ષની સાથે રાજયના ૧૪ આઈપીએસને પ્રમોશન અપાયા હતા. નરસિંમ્હા રાવ કોમાર, ડો. પી કે રોશન, ડો. એસ પી રાજકુમાર ને ડીજીપી તરીકે તો ડો. વિપુલ અગ્રવાલને એડીજીપીનુ પ્રમોશન આપવામાં આવ્યુ છે. આઈપીએસ નિરજ બડગુજર, સારા રીઝવી, શોભા ભુતડા, પ્રદિપ સેજુલ, સૌરભસિંઘ ને આઈજીપીનુ પ્રમોશન આપવામાં આવ્યુ છે. આ સાથે જ ડો. સુધીર દેસાઈ, બલરામ મીણા, કરણરાજ વાઘેલા, એસ વી પરમાર અને એમ મુનીયાને ડીઆઈજીપી બનાવાયા છે. આ ઉપરાંત રાજયના ૨૮ આઈપીએસ અધિકારીઓને જુનીયર એડમીનીસ્ટ્રેટીવ ગ્રેડ તેમજ સીલેકશન ગ્રેડ માં બઢતી આપવામાં આવી છે. નવા વર્ષની શરૂઆતમાં લેવામાં આવેલા આ નિર્ણયને વહિવટી સ્થિરતા અને કાર્યક્ષમતા વધારવાના મહત્વના પગલા તરીકે જોવામાં આવી રહ્યા છે. ૨૮ આઈપીએસ અધિકારીઓને જુનીયર એડમીનીસ્ટ્રેટીવ ગ્રેડમાં બઢતી અપાઈ છે. તેમાં સુશીલ અગ્રવાલ, નિતેશ પાંડે, સાગર બાગમાર, અભય સોની, મનોહરસિંહ જાડેજા, તેજસકુમાર પટેલ, રાહુલ પટેલ, જયદિપસિંહ જાડેજા, એન્ડુય મેકવાન, હિમાંશુ સોલંકી, વિજય પટેલ, ભગીરથસિંહ જાડેજા , રાજેશ ગઢીયા, પન્ના મોમાયા, હર્ષદ પટેલ, રવીરાજસિંહ જાડેજા, મુકેશકુમાર પટેલ, ચિંતન તરૈયા, ભગીરથ ગઢવી, ઉમેશકુમાર પટેલ, રાજદિપસિંહ ઝાલા, રાજકોટના હરપાલસિંહ જાડેજા, હરેશ દુધાત, કે એફ બારોલીયા, જયરાજસિંહ વાળા , પીનાકીન પરમાર અને ઋષીકેશ ઉપાધ્યાયનો સમાવેશ થાય છે.

### વિરમગામ, દેત્રોજ, માંડલ તાલુકાઓને રૂા.૪૯૭ કરોડના વિવિધ વિકાસકાર્યોની ભેટ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં વિકાસ, વિશ્વાસ અને વિઝન સાથે નવા વર્ષની વિકાસ ભરી શરૂઆતઃ વિરમગામ વિધાનસભા વિસ્તારમાં વિવિધ પ્રકલ્પોના ખાતમુહૂર્ત સંપન્ન

### એક સમયે ટાંચા સંસાધનો-વરસાદ આધારિત ખેતી અને રોજગારી માટે યુવાનોનું સ્થળાંતર ધરાવતો માંડલ વિરમગામ બેચરાજી વિસ્તાર વડાપ્રધાનશ્રીના વિકાસ વિઝનથી સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રિજિયન ઓટો હબ બન્યો છેઃ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૬ના વર્ષના પ્રથમ દિવસે વિરમગામ વિધાનસભા મત વિસ્તારના રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, રેલ્વે, ઓવરબ્રીજ સહિતના ૪૯૭ કરોડ રૂપિયાના વિકાસ કામોના ખાતમુહૂર્ત સંપન્ન કર્યા હતા.



મુખ્યમંત્રીશ્રી આ અવસરે જન મેદનીને સંબોધતા કહ્યું કે, એક સમયે ટાંચા સંસાધનો, વરસાદ આધારિત ખેતી, રોજગારી માટે યુવાઓનું સ્થળાંતર જેવી વિકટ સ્થિતી ધરાવતો માંડલ-બેચરાજી-વિરમગામ વિસ્તાર આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકાસ વિઝનથી એસ.આઈ.આર. અને ઓટો હબ બની ગયો છે.

આ સંદર્ભમાં શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉમેર્યું કે, છેવાડાના માનવીના હિતનો સંકલ્પ અને સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસના મંત્રથી વિકાસની ચરમ સીમાનું ઉદાહરણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપે પૂરું પાડ્યું છે.

તેમણે કહ્યું કે, વિકાસની રાજનીતિનો જે અભિગમ વડાપ્રધાનશ્રીએ અપનાવ્યો છે તેને હવે તો સૌ સ્વીકારતા થયા છે અને બિહારની તાજેતરની ચૂંટણીના પરિણામો તેનો આદર્શ દાખલો છે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, ગુજરાતમાં પાછલા અઢી દાયકા કરતાં વધુ સમયથી શ્રી નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર કનેક્ટિવિટી સહિતના જે વિકાસ કામો ડબલ એન્જિન સરકારની સ્પીડથી થયા છે તેનાથી ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, કનેક્ટિવિટી સુદૃઢ બનાવવા માટે રોડ રેલવે સહિતના અનેક કામો વિરમગામ-માંડલ વિસ્તારમાં થયા છે. છેલ્લા ત્રણ વર્ષમાં જ માંડલ-બેચરાજી SIRને જોડતા રોડ, રસ્તા અને બ્રીજના રૂા.૪૮૮ કરોડના કામો પૂર્ણ કર્યા છે. SIR સાથે જોડાતા ધોરીમાર્ગો, પરિવહન માળખાના વિકાસ અને ફોરલેન રોડ તથા રેલવે ઓવરબ્રિજના લીધે આ વિસ્તારના વિકાસને નવી દિશા અને નવી ગતિ મળશે. રેલવે ઓવરબ્રિજનું નિર્માણ થવાથી કોકતા ફાટક પર વર્ષોથી ચાલતી ટ્રાફિકની સમસ્યાનો અંત આવશે, જેનાથી આશરે ૧ લાખ નાગરિકોના સમય અને ઈંધણની બચત થશે.

દેશમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સની ગતિ વિશે વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે,વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ વિવિધ એક્સપ્રેસ વે, કોરિડોર અને વ્યૂહાત્મક પુલ, ટનલના કાર્યો પૂર્ણ થયા છે. ૨૦૧૪ પહેલા રોજના ૧૨ કિમી હાઈવે બનતા હતા, તેની સામે આજે રોજ ૩૪ કિમી હાઈવે બની રહ્યા છે. રાજ્ય સરકારે પણ નમો શક્તિ એક્સપ્રેસ-વે અને ૧૧૫૫ કિલોમીટરના ૧૨ જેટલા ગરવી ગુજરાત હાઈસ્પીડ કોરિડોર માટે રૂા.૧૦,૦૦૦ કરોડની ફાળવણી કરી છે તેની ભુમિકા તેમણે આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આ અવસરે નાગરિકોને અપીલ કરી હતી કે, જ્યારે આટલો મોટો ઔદ્યોગિક વિકાસ થઈ રહ્યો હોય ત્યારે આપણે સૌએ સ્વચ્છતા પર વિશેષ ભાર મૂકવો જોઈએ અને સ્વચ્છતા લોકોનો સહજ સ્વભાવ બનવો જોઈએ.

આ પ્રસંગે વિરમગામના ધારાસભ્યશ્રી હાર્દિક પટેલે જણાવ્યું હતું કે મુખ્યમંત્રીશ્રી દ્વારા આજે અનેક વિકાસ કાર્યોના ખાતમુર્હુત થયા છે, જેનો લાભ સ્થાનિક વિસ્તાર સહિત શંખેશ્વર, બેચરાજીના શ્રદ્ધાળુઓને ફાયદો થવાનો છે,તેમણે ઉમેર્યું હતું કે છેલ્લા ત્રણ વર્ષમાં વિરમગામ વિધાનસભા વિસ્તારમાં રૂા.૨૫૦૦ કરોડથી વધુ વિકાસના કામો મળ્યા છે.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વિકાસથી કોઈ વંચિત ન રહી જાય તેની ચિંતા સરકાર દ્વારા કરાઈ છે, તેમ જણાવીને ધારાસભ્યશ્રીએ વિસ્તારના સમગ્રતયા વિકાસ માટે મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કર્યો હતો. સુપોષિત ગુજરાત અભિયાન અંતર્ગત મુખ્યમંત્રીશ્રીના હસ્તે આંગણવાડી કાર્યકરોને મિલેટ બાસ્કેટ આપવામાં આવી હતી. આ પ્રસંગે માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેરશ્રીએ સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સંપન્ન થયેલા વિરમગામ વિધાનસભા વિસ્તારના વિવિધ વિકાસ પ્રકલ્પોના ખાતમુહૂર્તમાં વિરમગામ નગરપાલિકાથી માંડલ-દસાડા રોડનું રૂા.૨૮૫ કરોડનું કામ, વિરમગામ શહેરના રૈયાપુર ઓવરબ્રિજનું રૂા.૯૧ કરોડનું કામ, માંડલ તાલુકાના વિઠ્ઠલાપુરથી દેત્રોજ-કડી રોડના રિસર્ફેસિંગનું રૂા.૫૫ કરોડનું કામ, વિરમગામ તાલુકાના થોરી મુબારકથી લીયા-વાંસવા રોડનું રૂા.૩૯ કરોડનું કામ, કરકથલ-હાંસલપુર રોડનું રૂા.૧૨ કરોડનું કામ, દેત્રોજ નવા સર્કિટ હાઉસનું રૂા.૫ કરોડનું કામ, વિરમગામ નવા સર્કિટ હાઉસનું રૂા.૫ કરોડનું કામ, દેત્રોજ સબ રજિસ્ટ્રાર કચેરીનું રૂા.૨.૪૫ કરોડનું કામ તેમજ વિરમગામ તાલુકાના સચાણા બાયપાસ રોડના રૂા.૩ કરોડના કામો સહિત વિવિધ વિકાસ કાર્યોનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી કંચનબા વાઘેલા, જિલ્લા કલેક્ટર શ્રી સુજિત કુમાર, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ, અગ્રણી શ્રી શૈલેષભાઈ દાવડા, માર્ગ અને મકાન વિભાગના મુખ્ય ઈજનેર અને સ્પેશિયલ સેક્રેટરી શ્રી જે. એ. ગાંધી, તાલુકા પંચાયત પ્રમુખશ્રીઓ, વિરમગામ નગરપાલિકા પ્રમુખશ્રી, પાલિકાના અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, પૂર્વ ધારાસભ્યશ્રીઓ, સામાજિક અને રાજકીય અગ્રણીઓ તેમજ મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પશ્ચિમ રેલવેના નિર્માણ વિભાગ, અમદાવાદમાં ખેમરાજ મીનાએ જનસંપર્ક અધિકારી તરીકે કાર્યભાર સંભાળ્યો

પશ્ચિમ રેલવેના નિર્માણ વિભાગ, અમદાવાદમાં તારીખ ૦૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ શ્રી ખેમરાજ મીનાએ જનસંપર્ક અધિકારી (PRO)ના પદનો કાર્યભાર સંભાળ્યો. કાર્યભાર સંભાળતા પહેલા શ્રી ખેમરાજ મીના પશ્ચિમ રેલવેના રતલામ મંડળ હેઠળ ઈન્દોરમાં જનસંપર્ક અધિકારી તરીકે ફરજ બજાવી રહ્યા હતા. આ પહેલાં તેઓ પશ્ચિમ રેલવેના વડોદરા મંડળ તેમજ દક્ષિણ રેલવેના તિરુવનંતપુરમ મંડળમાં પણ જનસંપર્ક અધિકારી તરીકે પોતાની સેવાઓ આપી ચૂક્યા છે. શૈક્ષણિક લાયકાત તરીકે શ્રી ખેમરાજ મીનાએ ભારતીય જન સંચાર સંસ્થાન (IIMC)માંથી પત્રકારિતામાં ડિપ્લોમા મેળવ્યો છે. તેમના અનુભવ અને કાર્યકુશળતાથી પશ્ચિમ રેલવેના નિર્માણ વિભાગના




**પશ્ચિમ રેલ્વે**

**સિગ્નલિંગ કાર્ય**

Sr. DSTE/નોર્થ/મુંબઈ સેન્ટ્રલ, બીજો માળ, ડિવિઝનલ રેલ્વે મેનેજર ઓફિસ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ-400008, ઈ-ટેન્ડર સૂચના નં. SG_216_2_145_WA, તારીખ: 29.12.2025. કાર્ય અને સ્થાન: મુંબઈ ડિવિઝન, પશ્ચિમ રેલ્વેના ઉધના ઉકાઈ સોનગઢ વિભાગના એડેન/વ્યારા અધિકારક્ષેત્ર હેઠળ વ્યારા અને ઉકાઈ સોનગઢ ખાતે યાર્ડના સુધારણા અને અપગ્રેડેશનના સંદર્ભમાં સિગ્નલિંગ કાર્ય. અંદાજિત કાર્ય ખર્ચ: રુ. 2,01,87,368.5. EMD: તારીખ: રુ. 2,50,900/-. ઈ-ટેન્ડર સબમિટ કરવા માટે બંધ કરવાનો સમય અને તારીખ: તા. 28.01.2026 ના રોજ 15:00 કલાક સુધી. ઈ-ટેન્ડર ખોલવાનો સમય અને તારીખ: તા. 28.01.2026 ના રોજ 15:30 વાગ્યે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો - 0959

અમને લાઇક કરો: facebook.com/WesternRly

# ઠાકોર સમાજમાં કુ રીવાજો દુર કરાયા: ૧૬ નવા નિયમો સાથે સાંસદ ગેનીબેને લેવડાવ્યા શપથ

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

દરેક સમાજમાં સમય સાથે બદલાવ થઈ રહ્યો છે. ત્યારે ઠાકોર સમાજ દ્વારા જુના કુ રીવાજોને તીલાંજલી આપવાનો મહત્વનો નિર્ણય ઠાકોર સમાજના આગેવાનો દ્વારા લેવામાં આવ્યો છે. બનાસકાંઠા ના ઓગાડ માં આગામી ૪ જાન્યુઆરીએ યોજાનારા ઠાકોર સમાજના ભવ્ય મહાસંમેલન પહેલા પાટણમાં ઠાકોર સમાજ દ્વારા એક ક્રાંતિકારી નિર્ણય લેવામાં આવ્યો હતો. ઠાકોર સમાજની મળેલી મહત્વપૂર્ણ બેઠકમાં સામાજિક કુ રીવાજોને ડામવા અને દેખાડા પાછળ થતા ખર્ચ ને રોકવા માટે ૧૬ નવા નિયમો સાથેનુ સામાજિક બંધારણ ઘડવામાં આવ્યુ છે. નવા નિયમોનુ પાલન કરાવવા ઠાકોર સમાજના આગેવાનોને સાંસદ અને ઠાકોર સમાજના અગ્રણી ગેનીબેને ઠાકોરે શપથ લેવડાવ્યા હતા. ઠાકોર સમાજના ઉત્થાન માટે ઘડાયેલા આ બંધારણમાં લગ્ન, મરણ અને અન્ય પ્રસંગોમાં થતા બિનજરૂરી ખર્ચ પર કાપ મુકવામાં આવ્યો છે. લગ્ન પ્રસંગોમાં ડી જે વગાડવા અને સનરૂફ ધરાવતી મોંઘી ગાડીઓ લાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.



આ ઉપરાંત સગાઈ, લગ્ન અને મરણ પ્રસંગોમાં થતા ભપકાદાર ખર્ચને ઘટાડીને તે નાણાં શિક્ષણ પાછળ ખર્ચવા હાંકલ કરવામાં આવી હતી. પાટણમાં ઠાકોર સમાજનુ બંધારણ મહાસંમેલન અંતર્ગત નવા બંધારણનુ વાંચન કરાવ્યુ હતું અને શપથ લેવડાવવામાં આવ્યા હતા. ઠાકોર સમાજમાં પ્રર્વતતા જુના કુ રીવાજોને દુર કરવા અને શિસ્તબધ્ધ સમાજની રચના કરવા માટે અનેક મહત્વના નિર્ણયો લેવાયા છે. જેમાં ભાગીને લગ્ન કરનારને સમાજ સ્વીકારશે નહી. તેમજ લગ્ન પ્રસંગમાં ડી જે / સનરૂફ ગાડી પર પ્રતિબંધ સહિતના ૧૬ જેટલા નવા નિયમો જાહેર કરાયા છે. સામાજિક એકતા માટે એક સમાજ એક રીવાજ નુ સુત્ર અપનાવાયુ હતુ, આ સંમેલનમાં લગ્ન, સગાઈ અને મરણ પ્રસંગોમાં થતા બિનજરૂરી ખર્ચ ઘટાડવા માટે નવા સામાજિક બંધારણનુ સાંસદ ગેનીબેન ઠાકોરે વાંચન કર્યુ હતુ તેમજ ઉપસ્થિત આગેવાનોએ એના અમલીકરણ માટે શપથ લીધા હતા. ઓગડ ખાતે યોજાનારા મહાસંમેલનમાં જુના કુ રીવાજોને દુર કરાશે, ઠાકોર સમાજના બંધારણના અમલીકરણ માટે તાલુકા અને ગ્રામ્ય કક્ષાએ સંકલન સમિતિઓ કાર્યરત થશે. આગામી ૪ જાન્યુઆરીના રોજ બનાસકાંઠાના ઓગાડ ખાતે યોજાનારા મહાસંમેલનમાં આ બંધારણનો વિધિવત અમલ શરૂ કરવામાં આવશે. આ અંગે બનાસકાંઠા સાંસદ ગેનીબેન ઠાકોરે જણાવ્યુ હતુ કે સમગ્ર બનાસકાંઠા જિલ્લો વાવ, થરાદ અને પાટણ આ ત્રણેય જિલ્લાના ૨૭ તાલુકાનો બંધારણ આગામી ૪ તારીખે દિયોદર તાલુકાના ઓગડ મુકામે આયોજીત એક ભવ્ય સંમેલન સાથે અમલમાં મુકાશે. જેમ સમય પરીવર્તીત થાય એમ સમાજના રીત રીવાજોમાં પણ સુધારા લાવવા જરૂરી હોય છે. હું માનુ છુ ત્યાં સુધી દરેક ગામમાંથી સિમિત ૫૦, ૧૦૦ કે ૨૦૦ આગેવાનો બોલાવ્યા છે અને લગભગ ૪૦ થી ૫૦ હજાર આગેવાનો મહાસંમેલનમાં ભેગા થશે. સાધુ સંતો, બુધ્ધિજીવી વર્ગ અને વિવિધ સંગઠનો આમા હાજર રહીને સમાજને પાંખ આપશે. તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે દરેક બાબતની અંદર કોઈપણ વસ્તુની લીમીટ હોય, લીમીટથી સમાનતા આવે, જેમ કે જાનમાં કેટલા માણસો લઈ જવા એ બધાય માટે લાગુ પડે, આ તમામ વસ્તુઓથી સમાજમાં સમરસતા આવે અને એકસરખુ બંધારણ બધા અમલ કરે એ માટે અગાઉ કીધુ એમ સગાઈનો ખર્ચો હોય, લગ્નનો પ્રસંગ હોય કે જન્મદિવસની ઉજવણી હોય, આ તમામ સાદગીપુર્ણ રીતે થાય અને એ બચત શિક્ષણમાં વપરાય, એ જ મુખ્ય ઉદેશ છે.

# વલસાડના સાંસદ ધવલ પટેલના અનંત પટેલ પર ગંભીર આક્ષેપ: ચૈતર વસાવા અને અનંત પટેલનુ જોડાણ કોંગ્રેસને કરશે નુકશાન

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતની રાજનીતીમાં અત્યારે આદિવાસી નેતાઓ ખુબજ ચર્ચાનો વિષય રહેતા હોય છે અને ચૈતર વસાવા હોય કે અનંત પટેલ હોય બંને નેતાઓ આદિવાસીઓના અધિકારો માટે લડતા હોય છે. પણ આદિવાસી પટ્ટામાં આવેલા વલસાડના સાંસદ અને વાંસદા ના ધારાસભ્ય વચ્ચે સતત કોઈને કોઈ



બાબતે એક બીજા પર આક્ષેપો કરતા નજરે પડતા હોય છે અને આજે ફરી એકવાર ભાજપના વલસાડના સાંસદ ધવલ પટેલે અનંત પટેલ પર મોટા આક્ષેપો કર્યા છે. અનંત પટેલ ટુંક સમયમાં આમ આદમી પાર્ટીમાં જોડાશે તેવા ગંભીર આક્ષેપ ધવલ પટેલે કર્યા છે. ધવલ પટેલે અનંત પટેલ પર ગંભીર આક્ષેપો લગાવતા કહ્યુ હતુ કે અનંત પટેલ કોંગ્રેસ સાથે છેડો ફાળીને આમ આદમી પાર્ટીમાં જવાની તૈયારી કરી રહ્યા છે. તેમણે ઉમેર્યુ કે ચૈતર વસાવા સતત કોંગ્રેસના સભ્યોને પોતાની તરફ ખેંચી રહ્યા છે. જયારે અનંત પટેલ તેમને આડકતરી રીતે સમર્થન આપી રહ્યા છે. આ જોડાણ આગામી સમયમાં કોંગ્રેસને મોટુ નુકશાન પહોચાડશે, એક તરફ સરકાર આદિવાસી સમાજના ઉત્થાન માટે અને વિકાસ માટે સતત કામ કરી રહી છે. તો બીજી તરફ અનંત પટેલ અને ચૈતર વસાવા સમાજને ખોટા મુદ્દે ગુમરાહ કરવાનુ કામ કરી રહ્યા છે.

### ઈજાગ્રસ્ત બાળકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા

# ભરૂચના જંબુસરમાં રખડતા શ્વાને બાળકો પર હુમલો કર્યો

**રખડતા શ્વાનને પાલિકા ઝડપથી પકડે તેને લઈ રજૂઆત પણ કરવામાં આવી છે, પણ તંત્રના કાને હજી સુધી આ રજૂઆત પહોંચી નથી**

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચના જંબુસરમાં રખડતા શ્વાને બાળકો પર હુમલો કર્યો છે અને હુમલામાં બાળકોને પગ તેમજ ગાલ પર ગંભીર ઈજા પહોંચી છે.

ઈજાગ્રસ્ત બાળકોને તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા છે અને રખડતા શ્વાનને પાલિકા ઝડપથી પકડે તેને લઈ રજૂઆત પણ કરવામાં આવી છે, પણ તંત્રના કાને હજી સુધી આ રજૂઆત પહોંચી નથી.

ભરૂચના જંબુસરના કસ્બા અને કુંભારવાડ વિસ્તારમાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે જેના કારણે બાળકો અને સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળ્યો છે, સ્થાનિકોનું કહેવું છે કે, રખડતા શ્વાનના કારણે બહાર નીકળતા બીક લાગે છે, શ્વાન ગમે ત્યારે આવીને બચકું ભરી દે છે, તો બાળકોને ઘરની બહાર પણ નીકળવામાં બીક લાગે છે, ત્યારે જંબુસર પાલિકા જરા આ સ્થિતિ જુઓ અને સ્થાનિકોની સમસ્યાનું નિરાકરણ લાવો તે જરૂરી બન્યું છે.

જો કૂતરૂ કરડે તો શું કરવું જોઈએ ?

સૌ પ્રથમ, ઘાને સાબુ અને સ્વચ્છ વહેતા પાણીથી ૧૫ મિનિટ સુધી સારી રીતે ધોઈ લો.

ઘા પર ઉપલબ્ધ એન્ટિસેપ્ટિક (આયોડિન/સ્પિરિટ વગેરે) લગાવો.

તરત જ રસી લો અને તબીબની સલાહ અનુસાર રસીકરણનો કોર્સ પૂર્ણ કરો.

પાલતુ પ્રાણીઓને હડકવા (રેબીઝ)થી બચાવવા માટે શું કરવું જોઈએ?

તમારા પાલતુ પ્રાણીઓની નોંધણી કરાવો અને નિયમિતપણે હડકવા વિરોધી રસી અપાવો.

તમારા પાલતુ પ્રાણીઓને હંમેશા તમારા નિરીક્ષણ હેઠળ રાખો.

તમારા પાલતુ પ્રાણીઓને રખડતા પ્રાણીઓથી દૂર રાખો..

જો તમારા પાલતુ પ્રાણીને કોઈ અજાણ્યું પ્રાણી કરડે છે, તો તરત જ તેને તમારી નજીકની પશુચિકિત્સા હૉસ્પિટલમાં લઈ જાઓ.

જો તમારા પાલતુ પ્રાણીમાં હડકવા જેવા લક્ષણો દેખાય, તો તાત્કાલિક તમારા નજીકના પશુચિકિત્સક/ મ્યુનિસિપાલિટી અધિકારીને જાણ કરો.

# ગુજરાત ભાજપમાં હવે પાવર કમલમમાં થી વપરાશે : હર્ષ સંઘવી અને ઋષીકેશ પટેલના પેંગડામાં પ્રશાંત કોરાટે નાખ્યો પગ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપમાં હવે પાટીલ યુગ આથમ્યો છે અને પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માના નેતૃત્વમાં નવી ઈનીંગ શરૂ થઈ ગઈ છે. પણ આ નવા માળખામાં સૌથી વધુ ચર્ચા જો કોઈ નામની હોય તો તે છે ડો.પ્રશાંત કોરાટ ની, પ્રદેશ મહામંત્રી તરીકે પ્રશાંત કોરાટને મળેલી વિશેષ જવાબદારી સ્પષ્ટ સંકેત છે કે તેઓ હવે કમલમના અસલી સંકલનકાર અને પક્ષના નવુ પાવરફુલ એન્જીન છે.




પ્રદિપસિંહ વાઘેલાના રાજીનામા બાદ ખાલી પડેલી જગ્યા અને હર્ષ સંઘવી કે ઋષીકેશ પટેલ જેવા દિગ્ગજો જે પદ સાથે જોડાયેલા રહ્યા છે તે પ્રદેશ મહામંત્રીનુ પદ હવે પ્રશાંત કોરાટના હવાલે છે. સંગઠનમાં વિશ્વકર્મા રણનીતી ઘડે છે. પણ તેને ગ્રાઉન્ડ પર ઉતારવા અને સમગ્ર રાજયના સંગઠન પર પકકડ રાખવાની જવાબદારી હવે પ્રશાંત કોરાટની છે. તેઓ પ્રદેશ પ્રમુખ અને સંગઠન મહામંત્રી વચ્ચેની સૌથી મજબુત કડી બની ગયા છે. સૌરાષ્ટ્રના રાજકારણમાં આ ભાજપનો મોટો દાવ છે. પ્રશાંત કોરાટ મજબુત લેઉવા પટેલ ચહેરો છે. સૌરાષ્ટ્રમાં જયારે દિગ્ગજ નેતાઓ નિવૃત્તિ તરફ છે ત્યારે હાઈકમાન્ડે કોરાટને આગળ કરીને જનરેશન શીફટ નો મોટો સંદેશ આપ્યો છે. યુવા મોરચાના પૂર્વ પ્રમુખ તરીકે તેમની પાસે રાજયભરના કાર્યકરોનુ નેટવર્ક છે. જે ૨૦૨૭ ની વિધાનસભા ચુંટણીની તૈયારીઓમાં ભાજપ માટે ટ્રમ્પકાર્ડ સાબિત થશે. અંદરની વાત એ છે કે જગદીશ વિશ્વકર્માને સંગઠનમાં એક એવા સાથીની જરૂર હતી જે શિસ્તબધ્ધ હોય અને વિવાદોથી દુર હોય, પ્રશાંત કોરાટની નિષ્કલંક છાપ અને કેન્દ્રીય નેતૃત્વ સાથેનુ તેમનુ પરફેકટ ટયુનીંગ તેમને અન્યો કરતા અલગ પાડે છે. કમલમની અંદરની ગતિવિધિઓ હોય કે શિસ્તની જવાબદારી હવે બધુ જ આ યુવા નેતાની સીધી નજર હેઠળ છે. શું જગદીશ વિશ્વકર્મા અને પ્રશાંત કોરાટની આ નવી જોડી ૨૦૨૭ માં ભાજપને નવો રેકોર્ડ અપાવશે ? શું પ્રશાંત કોરાટ સંગઠનના આ પાવરફુલ પદ પર બેસીને પ્રદિપસિંહ વાઘેલાની ખોટ પુરી કરી શકશે ? સત્તાના આ નવા સોંગઠા પર હવે આખા ગુજરાતની નજર છે. ડો. પ્રશાંત કોરાટને દક્ષિણ ગુજરાતના ઝોન પ્રભારી તરીકેની જવાબદારીની સાથે કમલમ ના આંતરીક વહિવટની જે વિશેષ જવાબદારી સોંપાઈ છે તે ભાજપના સંગઠન માળખામાં ખુબ જ મહત્વની ગણાય છે. સી આર પાટીલ દક્ષિણ ગુજરાતમાંથી આવે છે અને ત્યાં તેમનો દબદબો રહ્યો છે. હવે જયારે જગદીશ વિશ્વકર્મા પ્રમુખ બન્યા છે ત્યારે દક્ષિણ ગુજરાત જેવા હાઈ પ્રોફાઈલ ઝોનની જવાબદારી પ્રશાંત કોરાટને સોંપવી એ દર્શાવે છે કે ભાજપ દક્ષિણ ગુજરાતના પાટીદાર મતો (ખાસ કરીને સુરતમાં વસતા સૌરાષ્ટ્રના લેઉવા પાટીદારોને ) મજબુત કરવા માંગે છે. પ્રશાંત કોરાટ સૌરાષ્ટ્રના હોવાથી સુરત વરાછા પટ્ટાના મતદારો સાથે તેમનુ ગ્રાઉન્ડ કનેકટ વધુ સારૂ રહેશે. આ સાથે સૌરાષ્ટ્રના મોટા નેતાઓને પણ સ્પષ્ટ સંદેશો આપી દેવામાં આવ્યો છે. સામાન્ય રીતે પ્રદેશ મહામંત્રીઓને અલગ અલગ જિલ્લાના પ્રભારી બનાવાયા છે. પરંતુ પ્રશાંત કોરાટને કમલમનો વહિવટ સોંપાયો છે. તેનો અર્થ છે સીધુ સંકલન પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજીના નિર્દેશોનુ પાલન કરાવવુ, પ્રદેશ કાર્યાલય પર આવતા કાર્યકરોની ફરીયાદો સાંભળવી અને પક્ષની આંતરીક ગતિવિધિઓ પર નજર રાખવી, રાજય સ્તરના મોટા સંમેલનો અને કાર્યક્રમોના આયોજનની કમાન પ્રશાંત કોરાટના હાથમાં રહેશે.

# ઈડી રેડ કેસમાં મોટી કાર્યવાહી: ચંદ્રસિંહ મોરીના રીમાન્ડ પુરા થતા કોર્ટે જેલ હવાલે કરવાનો કર્યો આદેશ

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગરમાં થોડા સમય અગાઉ પડેલી એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ (ઈડી) ની રેડના કેસમાં ધરપકડ કરાયેલા આરોપી ચંદ્રસિંહ મોરીને આજે ગુરૂવારે જેલ હવાલે કરવામાં આવ્યો હતો. આરોપીના રીમાન્ડની અવધી પુર્ણ થતા ઈડી ની ટીમ દ્વારા તેને પ્રિન્સિપલ ડીસ્ટ્રીકટ જજ ની કોર્ટમાં રજુ કરવામાં આવ્યો હતો. અગાઉ ઈડી એ આ કેસના તાર મેળવવા માટે ચંદ્રસિંહ મોરીની દિલ્હી માં પણ ઉંડાણપૂર્વક પુછપરછ કરી હતી. જેમાં મની લોન્ડરીંગ અને બેનામી મિલ્કતોને લગતા અનેક પુરાવાઓ એકત્ર કરવામાં આવ્યા હોવાનુ મનાઈ રહ્યુ છે.

કોર્ટમાં રજુઆત દરમિયાન ઈડી દ્વારા વધુ રીમાન્ડ ની માંગણી કરવામાં ન આવતા જયુડીશીયલ મેજીસ્ટ્રેટ આરોપી ચંદ્રસિંહ મોરીને જયુડીશીયલ કસ્ટડી હેઠળ જેલમાં મોકલવાનો હુકમ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે આ હાઈ પ્રોફાઈલ કેસને પગલે સુરેન્દ્રનગરના રાજકીય અને વ્યવસાયીક વર્તુળોમાં ભારે ફફડાટ વ્યાપેલો છે. હવે જયારે



આરોપી જેલ હવાલે થયો છે ત્યારે ઈડી દ્વારા ટુંક સમયમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવે તેવી શકયતા છે. આ કેસમાં અન્ય કેટલા લોકોની સંડોવણી છે તે દિશામાં પણ કેન્દ્રીય એજન્સી તપાસ કરી રહી છે.

# રાજયના નવા ઈન્ચાર્જ પોલીસવડા તરીકે ડો. કે એલ એન રાવ નિયુકત

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં નવા પોલીસવડા તરીકે છેક રાત્રી સુધી સર્જાયેલા સસ્પેન્સ બાદ તેને નવા ડીજીપી ઈન્ચાર્જ તરીકે ડો. કે એલ એન રાવ ને જવાબદારી સોંપવામાં આવી હતી. ગઈ કાલે મોડી રાત્રે વિકાસ સહાય તેમના અનુગામીને ચાર્જ સોંપવા માટે મોડે સુધી તેમની ઓફીસમાં બેઠા રહ્યા હતા. અંતે દિલ્હીમાં યુપીએસસી નિમણુંક દ્વારા નવા પોલીસવડાની પસંદગી અંગે કોઈ સંદેશ નહી મળતા રાજયના ગૃહમંત્રાલયે એક આદેશમાં હાલના રાજયના સૌથી સીનીયર ૧૯૯૨ બેચના આઈપીએસ અધિકારી શ્રી ડો. કે એલ એન રાવ ને હાલ ઈન્ચાર્જ તરીકે જવાબદારી



સોંપવામાં આવી છે અને તેઓ જ ટુંક સમયમાં પૂર્ણ કક્ષાના પોલીસવડા તરીકે પણ નિયુકત થઈ જશે તેવા સંકેત છે.

શ્રી રાવ ઓકટોબર ૨૦૨૭ માં નિવૃત્ત થનાર છે આમ હાલ નવા પોલીસવડા ના સસ્પેન્સનો અંત લાવી દીધો છે. આ પૂર્વે શ્રી વિકાસ સહાયની વિદાય નિશ્ચિત થઈ ગઈ હતી અને ગઈ કાલે સાંજે પોલીસભવન ખાતે તેની તૈયારીઓ પણ થઈ ગઈ હતી. પરંતુ છેલ્લે સુધી શ્રી સહાયના અનુગામી તરીકે કોઈ સંદેશ નહી મળતા શ્રી સહાય તથા સીનીયર પોલીસ અધિકારીઓને પણ મોડી રાત સુધી રોકાવવુ પડયુ હતું. અંતે ગુજરાતના ગૃહમંત્રાલય તરફથી રાત્રીના શ્રી રાવની ઈન્ચાર્જ ડીજીપી તરીકે નિયુકિતનો આદેશ આવતા જ તેઓને આવકાર તથા શ્રી સહાયને વિદાય અપાઈ હતી. રાવ આ ઉપરાંત હાલના તેઓના સીઆઈડી ક્રાઈમ વિગેરેના વધારાના ચાર્જ પણ સંભાળશે. રાજયમાં તેઓ એક કડક કાર્યક્ષમ અને સાથે સંવેદના ધરાવતા અધિકારી તરીકેની ઓળખ ધરાવે છે. તેઓને કાયમી ચાર્જ મળ્યા બાદ પોલીસતંત્રમાં મોટા ફેરફાર આવશે. રાજયમાં હજુ ગૃહ સચિવની નિયુકિત પણ બાકી છે. હાલ મુખ્ય સચિવ મનોજ કુમાર દાસ પાસે તેનો ચાર્જ છે.

# ડીજીપી પદનુ સસ્પેન્સ: ઈન્ચાર્જ કેમ? શું સરકાર પાસે છે કોઈ માસ્ટર પ્લાન બી ? કે રાવ નો ટેસ્ટીંગ પીરીયડ

પ્રતિનિધિ,ગાંધીનગર

છેલ્લા કેટલાય સમયથી દિલ્હીથી ગાંધીનગર સુધી જીએસ મલીકનુ નામ ડીજીપી પદ માટે હોટ ફેવરીટ મનાતુ હતું. સુત્રો તો મલીકના નામ પર મહોર વાગવાના દાવા કરતા હતા પણ સરકારે રાવ ને ઈન્ચાર્જ બનાવીને અનેક મહારથીઓને મોટો ઝટકો આપ્યો છે. મલીક અને રાવ વચ્ચેની કાંટાના ટકકરમાં હાલ પુરતુ પલ્લુ રાવનુ ભારે દેખાઈ રહ્યુ છે.




સત્તાના સમીકરણોમાં ચર્ચા છે કે શું આ સાઉથ લોબીનુ કમબેક છે ? એક સમયે કે કૈલાસનાથન હતા ત્યારે સાઉથના અધિકારીઓનો સરકારમાં ભારે દબદબો હતો. હવે રાવની એન્ટ્રીથી ફરી એ જ સંકેતો મળી રહ્યા છે. રાવ પાસે ૨૦૨૭ સુધી એટલે કે પુરા ૨૨ મહિનાનો સમય બાકી છે. તો શું સરકાર આ જ મહિનામાં સોંગઠા ગોઠવીને તેમને કાયમી ડીજીપીનો ચાર્જ સોંપી દેશે ? પણ યાદ રહે ઈન્ચાર્જ એટલે વેઈટીંગ લીસ્ટ, રાવ પાસે અત્યારે સીઆઈડીનો પણ ચાર્જ છે. અને સરકાર ત્યાં નવા અધિકારીને શોધી રહી છે, કડક છાપ ધરાવતા રાવ માટે આ નિમણુંક એક ટેસ્ટીંગ પીરીયડ છે. નીતિ વિષયક નિર્ણયો અને બદલીઓના ગગડાટ વચ્ચે ઈન્ચાર્જ તરીકે પરફોર્મ કરવુ એ રાવ માટે કોઈ અગ્નિપરીક્ષાથી ઓછુ નથી. જો રાવ આ પરીક્ષામાં પાસ થયા તો ગુજરાત પોલીસવડાનુ સૌથી મોટુ પદ તેમના ખોળામાં કાયમી આવી જશે, રાવ કાયમી થશે કે કોઈ નવા ખેલાડીની એન્ટ્રી થશે ? એ તો સમય જ કહેશે. પણ હાલમાં સરકારે ડીજીપીના પદનુ ગાજર લટકાવી રાખ્યુ છે.

### પ્રધાનમંત્રી આવાસ યોજના દ્વારા ગ્રામીણ પરિવારોને પાકા આવાસ સાથે મળ્યું સન્માનપૂર્ણ જીવન

# આવાસ ક્રાંતિ: રાજ્યમાં ચાલુ વર્ષે ૯૩ હજાર આવાસો સહિત છેલ્લા ત્રણ વર્ષમાં ૨.૫૮ લાખથી વધુ લાભાર્થીઓને મળ્યું ઘરનું ઘર

ગ્રામીણ પરિવારોના વિકાસની સાથે સુખાકારી માટે રાજ્ય તથા કેન્દ્ર સરકાર સંકલિત રીતે અનેક જનહિતલક્ષી યોજનાઓ અમલી બનાવીને જરૂરિયાતમંદ નાગરિકો માટે આશીર્વાદરૂપ બની છે. એ જ શ્રેણીમાં 'પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)' PMAY-G એ ગ્રામીણ વિસ્તારોમાં ગરીબ અને રહેણાંક સુવિધાથી વંચિત પરિવારો માટે પોતાના આવાસનું એટલે કે ઘરના ઘરનું સપનું સાકાર કર્યું છે. જે અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર દ્વારા છેલ્લા ત્રણ નાણાકીય વર્ષ એટલે કે વર્ષ ૨૦૨૩થી ૨૦૨૫ સુધી ૨.૫૮ લાખથી વધુ આવાસો લાભાર્થીઓ માટે તૈયાર કરવામાં આવ્યા છે, જેમાં ચાલુ નાણાકીય



વર્ષે ૯૩ હજારથી વધુ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. આમ, આ આવાસો થકી ગ્રામીણ પરિવારોના જીવનસ્તર, આરોગ્ય, સ્વચ્છતા અને સુખાકારીમાં નોંધપાત્ર સુધારો થયો છે.

PMAY-G યોજનામાં કેન્દ્રનો ૬૦ ટકા અને રાજ્ય સરકારનો ૪૦ ટકા ફાળો હોય છે. જેમાં લાભાર્થીને આવાસ દીઠ રૂ. ૧.૨૦ લાખની તબક્કાવાર સહાય આપવામાં આવે છે. આ ઉપરાંત રાજ્ય સરકાર તરફથી આવાસ બાંધકામના રૂફ કાસ્ટ તબક્કે વધારાના રૂ. ૫૦ હજારની સહાય સીધી બેંક ખાતામાં જમા કરવામાં આવે છે. આ રકમ લાભાર્થીને પોતાનું પાકું તથા સુવિધાસભર ઘર બાંધવામાં મદદરૂપ બને છે, આમ રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા અનેક ગરીબ અને ઘર વિહોણા નાગરિકોને કાચા ઘરમાંથી પાકું ઘર મળી રહ્યું છે.

ગ્રામ વિકાસ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા અને રાજ્ય મંત્રી શ્રી સંજયસિંહ મહીડાના માર્ગદર્શનમાં રાજ્ય સરકાર ગ્રામીણ સ્તરે જમીન વિહોણા નાગરિકોને પણ પોતાનું પાકું ઘર મળે તે માટે સતત પ્રયત્નશીલ છે. જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા પાત્રતા ધરાવતા પ્લોટ વિહોણા આશરે ૩ હજાર જેટલા લાભાર્થી કુટુંબોને પ્લોટની ખરીદી માટે દસ્તાવેજની રકમ અથવા રૂ. ૧ લાખ સુધી, બેમાંથી જે ઓછું હોય તે ઉચ્ચક સહાય ચૂકવવા ૧૦૦ ટકા રાજ્ય ફાળા હેઠળ જોગવાઈ કરવામાં આવી છે.

PMAY-G યોજના અંતર્ગત તાજેતરમાં નર્મદા ખાતે ભગવાન બિરસા મૂંડાની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે યોજાયેલ કાર્યક્રમમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિશેષ ઉપસ્થિતિમાં રૂ. ૧૦૦૮.૧૯ કરોડના ખર્ચે કુલ ૬૧,૧૨૫ લાભાર્થીઓનો ઈ-ગૃહ પ્રવેશ કરવામાં આવ્યો હતો, જે રાજ્યના ગામડાઓમાં વિકાસ અને આવાસ ક્રાંતિનો ઉત્તમ દાખલો છે. આમ, આ યોજના ગ્રામીણ વિસ્તારના ઘર વિહોણા પરિવારો માટે આશાનો દીપ બની રહી છે અને વિકસિત ભારત@૨૦૪૭માં મહત્વનું યોગદાન આપી રહી છે.

- જીગર બારોટ

# મિત્રતાના ઓઠા હેઠળ છેતરપિંડીનું જાળ: ૨૫ લાખનું સાયબર ફ્રોડ કરનાર બંટી-બબલી ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

શહેરના મોગરી વિસ્તારમાં રહેતા એક વ્યક્તિને મિત્રતા કરવી ભારે પડી છે. આવકવેરા બચાવવાના બહાને મિત્રના બેંક એકાઉન્ટનો ઉપયોગ કરી સાયબર ઠગાઈના નાણાં સગેવગે કરતા 'બંટી-બબલી' જેવી જોડીને આણંદ સાયબર ક્રાઈમ પોલીસે ઝડપી પાડી છે.મોગરીના વિપુલભાઈ પટેલનો પરિચય ત્રણ માસ પૂર્વે મહેસાણાના દક્ષેશ પટેલ અને સુરતની શિવાની ડબગર સાથે થયો હતો. આ બંનેએ વિપુલભાઈનો વિશ્વાસ જીતીને જણાવ્યું કે, તેમના ધંધામાં ઈક્મટેક્સ વધુ આવતો હોવાથી જો તેઓ વિપુલભાઈનું બેંક એકાઉન્ટ વાપરે તો ટેક્સ બચાવી શકાય. મિત્રતાના દાવે વિપુલભાઈએ પોતાના બેંક એકાઉન્ટની વિગતો તેમને આપી હતી. આરોપીઓએ નવેમ્બર ૨૦૨૫માં માત્ર ત્રણ જ દિવસમાં વિપુલભાઈના ખાતામાં ૨૫ લાખથી વધુના ટ્રાન્ઝેક્શન કર્યા હતા. આટલા મોટા પાયે શંકાસ્પદ વ્યવહારો થતા બેંક ઓફ બરોડાનું ખાતું ફ્રીઝ થઈ ગયું હતું. તપાસ કરતા જાણવા મળ્યું કે, આ ખાતામાં જે નાણાં આવ્યા હતા તે દેશના વિવિધ રાજ્યો જેવા કે આંધ્રપ્રદેશ, કર્ણાટક અને તમિલનાડુમાં નોંધાયેલા સાયબર ક્રાઈમના ગુનાઓના હતા.

વિપુલભાઈની ફરિયાદના આધારે સાયબર ક્રાઈમ પી.આઈ. સી.પી. ચૌધરીએ અમુલ ડેરી રોડ પર વોચ ગોઠવી કારમાં આવતા દક્ષેશ અને શિવાનીને ઝડપી પાડ્યા હતા. પોલીસે તેમની પાસેથી નીચે મુજબનો રોકડ રકમ ૩,૫૦,૦૦૦, ડેબિટ/ક્રેડિટ કાર્ડ ૧૦ નંગ, ચેકબુક/પાસબુક ૧૩ નંગ, મોબાઈલ ફોન ૦૬ નંગ, કાર સહિત કુલ મુદ્દામાલ: ૧૧,૮૦,૦૦૦ મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ પૂછપરછમાં જાણવા મળ્યું કે આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર પ્રફુલ (રહે. સુરત) હાલ આફ્રિકામાં બેસીને સાયબર ફ્રોડનું નેટવર્ક ચલાવે છે. પકડાયેલા બંને આરોપીઓ લીવ-ઈન રિલેશનમાં રહે છે અને અગાઉ પણ અમદાવાદ-આણંદમાં ગુનાઓમાં સંડોવાયેલા છે. તેઓ સાયબર ગુનેગારો વતી કમિશન પર ભાડે રાખેલા એકાઉન્ટમાં નાણાં ટ્રાન્સફર કરવાનું કામ કરતા હતા.